Friday 19, June 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૩૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




## વેલુગામનું તળાવ સુકાયું

### તળાવમાં ઊંડી તિરાડો પશુઓ માટે જોખમી બની



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૮ :** વેલુગામગામનું એક સમયે પાણીથી સમૃદ્ધ ગણાતું તળાવ આજે સૂકાઈ જતાં તેની દયનીય સ્થિતિ સામે આવી છે. તાજેતરમાં પાણીની શોધમાં આવેલા એક પશુના તળાવની ઊંડી તિરાડમાં ફસાઈ જવાના બનાવે ગામમાં ચર્ચા જગાવી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ આ તળાવ વર્ષો સુધી ગામના લોકો અને પશુઓ માટે પાણીનો વિશ્વસનીય સ્ત્રોત રહ્યું હતું. ઉનાળામાં પણ અહીં પાણી ઉપલબ્ધ રહેતું હોવાથી મોટી સંખ્યામાં પશુઓ અહીં આવતા હતા. પરંતુ હાલમાં તળાવનો તળિયો સંપૂર્ણપણે સુકાઈ ગયો છે અને અનેક જગ્યાએ મોટી તિરાડો પડી ગઈ છે. સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો છે કે તળાવની આસપાસથી મોરમ અને માટી કાઢવાના કામ બાદ પાણીનો સંગ્રહ પ્રભાવિત થયો હતો. ત્યારબાદ ધીમે ધીમે પાણી ઘટતું ગયું અને આખું તળાવ સૂકાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે.

ગ્રામજનોએ જણાવ્યું કે જળાશયોની યોગ્ય દેખરેખ અને જાળવણીના અભાવે આવી પરિસ્થિતિ ઉભી થઈ છે. પશુ તિરાડમાં ફસાવાની ઘટના માત્ર અકસ્માત નથી, પરંતુ વિસ્તારમાં જળ સંરક્ષણની સ્થિતિ અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

સ્થાનિક લોકોએ તંત્રને તળાવની તપાસ કરીને તેના પુનઃવિકાસ અને જળ સંરક્ષણ માટે અસરકારક પગલાં ભરવાની માંગ કરી છે.

## પ્લાસ્ટિક ફ્રી વાપી માટે મનપા કટિબદ્ધ

### વાપી મનપાએ ૨૦થી વધુ વેપારીઓ પાસેથી ૪૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂા.૨ લાખથી વધુનો દંડ વસૂલ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી મહાનગરપાલિકા દ્વારા 'પ્લાસ્ટિક ફ્રી વાપી' અભિયાન અંતર્ગત હાથ ધરેલ અભિયાનમાં ૨૦ થી વધુ વેપારીઓ પાસે કુલ ૪૦૦ કિલો થી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગનો જથ્થો જપ્ત કરી દંડ વસૂલ્યો હતો. વાપી મનપા આરોગ્ય વિભાગની ટીમે છેલ્લા ત્રણ દિવસથી શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચકાસણી હાથ ધર્યું હતું જેમાં ટીમે વાપી ટાઉન વિસ્તારથી લઈને કચીગામ, ડાભેલ, સેલવાસ ચેકપોસ્ટ વિસ્તાર તેમજ ચણોદ, ડુંગરા સહિતના વિસ્તારોમાં દુકાનો, વેપારી સંસ્થાઓ અને વિવિધ એકમોમાં તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન મોટી માત્રામાં પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો. નિયમોનો ભંગ કરનાર વેપારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરતા રૂ. ૨ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો હતો. મનપાના આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે પ્લાસ્ટિક પ્રદૂષણને રોકવા અને પર્યાવરણની સુરક્ષા માટે આવી ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે.

મહાનગરપાલિકાએ વેપારીઓ અને નાગરિકોને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા, તેના બદલે કાપડ, કાગળ અથવા અન્ય પર્યાવરણમૈત્રી વિકલ્પો અપનાવવા અપીલ કરી છે.

મનપાએ ચેતવણી આપી છે કે ભવિષ્યમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જોકે વાપી મનપા આરોગ્ય વિભાગની ટીમે જેવું આ અભિયાન હાથ ધર્યું તે સાથેજ વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. કેટલાક દંડનો ભોગ બનેલા વેપારીઓએ અન્ય વિસ્તારના વેપારીઓને ફોન કરી જાણ કરતા આવા વેપારીઓએ પોતાના વોટ્સએપ ગ્રુપમાં મેસેજ મૂકી અન્ય વેપારીઓને સતર્ક કરવાનું શરૂ કર્યું છે.

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના

## વલસાડમાં ટેટ પરીક્ષામાંથી મુક્તિની માંગ સાથે ધરણા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘ, વલસાડ જિલ્લા એકમ દ્વારા ટેટ (Teacher Eligibility Test) પરીક્ષામાંથી સેવારત શિક્ષકોને મુક્તિ આપવામાં આવે તેવી માંગ સાથે હાલર તળાવ, વલસાડ માં ધરણા અને આવેદનપત્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહી પોતાની માંને સમર્થન આપ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન સંઘના આગેવાનો દ્વારા જણાવાયું હતું કે ટેટ લાગુ થતાં પહેલાં નિયમિત રીતે નિમણૂક પામેલા અને વર્ષોથી સેવા બજાવી રહેલા શિક્ષકો પર ટેટની અનિવાર્યતા લાદવી નૈસર્ગિક ન્યાયના સિદ્ધાંતો તેમજ નિમણૂક સમયની સેવા શરતોની વિરુદ્ધ છે. વર્ષોથી શિક્ષણ કાર્યમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા શિક્ષકોને નવી પરીક્ષાની શરતો હેઠળ લાવવું યોગ્ય નથી. તેથી આવા શિક્ષકોને ટેટ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી હતી.

ધરણા કાર્યક્રમમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘ, ગુજરાતના ઉપાધ્યક્ષ રામુભાઈ પઢેર, વલસાડ જિલ્લાના અધ્યક્ષ અજીતસિંહ ઠાકોર, મહામંત્રી રામુભાઈ પટેલ, સંગઠન મંત્રી કિરણભાઈ પટેલ સહિત જિલ્લાના તમામ તાલુકાઓના અધ્યક્ષો, મહામંત્રીઓ અને મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ શિક્ષકોના હિત માટે સંગઠિત પ્રયાસો ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમ દરમિયાન વલસાડ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્ર મારફતે રાજ્ય સરકાર તેમજ ભારતના વડાપ્રધાન સુધી શિક્ષકોની લાગણી અને માંગ પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આવેદનમાં જણાવાયું હતું કે નામદાર કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને સરકાર જરૂરી કાયદાકીય અને વહીવટી સુધારા કરે તથા ટેટ લાગુ થયા પહેલાં સેવારત રહેલા શિક્ષકોને પરીક્ષામાંથી મુક્તિ આપે.

સંઘના આગેવાનોએ જણાવ્યું હતું કે શિક્ષકો શિક્ષણ વ્યવસ્થાનો મહત્વપૂર્ણ આધારસ્તંભ છે અને વર્ષોથી સેવા બજાવતા શિક્ષકોના અનુભવ અને કાર્યને યોગ્ય માન્યતા મળવી જોઈએ. સરકાર શિક્ષકોની વ્યાજબી માંગણીઓને હકારાત્મક રીતે સ્વીકારી યોગ્ય નિર્ણય કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. ધરણા અને આવેદનપત્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમના અંતે શિક્ષકોના પ્રશ્નોના ન્યાયસંગત અને વહેલી તકે નિરાકરણ માટે સરકાર સમક્ષ પુનઃ રજૂઆત કરવામાં આવી હતી. ઉપસ્થિત શિક્ષકોએ એકતા દર્શાવી શિક્ષક હિતના મુદ્દે સંઘના પ્રયાસોને સમર્થન આપ્યું હતું.

## પાનસ વન ઔષધિય ઉધાનનો રસ્તો બિસ્માર

### અધિકારીઓ-નેતાઓની અવરજવર છતાં નવીનીકરણ થતું નથી જો આ લોકો નહીં આવતા હોય તો શું થાય ?




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૮ :** ધરમપુર તાલુકાના પાનસ ડુંગરી પર આવેલ પાનસ વન ઔષધિય ઉધાન તરફ જતા દોઢ તી બે કિલોમીટરનો ઢાળવાળા રસ્તો હાલ અત્યંત જર્જરિત બની ગયો છે. ડામરનું પડ ઉખડી જતાં મોટા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાનસ વન ઔષધિય ઉધાન નાનાપોંઢા વિસ્તારનું મહત્વનું પ્રવાસન અને વન ઔષધિય કેન્દ્ર છે. અહીં વન વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠકો યોજાતી રહે છે, જ્યારે ગુજરાત સરકારના મંત્રીઓ અને જન-તિનિધિઓ પણ અનેક વખત વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી ચૂક્યા છે. તાજેતરમાં નાનાપોંઢા વન વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર, તાલુકા પંચાયતના પ્રમુખ તથા સ્થાનિક સરપંચ સહિતના અધિકારીઓ આ જ બિસ્માર માર્ગ પરથી હાલક ઢોલક ગતિએએ પસાર થવાની નોબત આવી હતી સ્થાનિકોએ જણાવ્યા મુજબ આગામી ચોમાસાના દિવસોમાં આ માર્ગ પરથી પસાર થવું વધુ જોખમી બનશે આ વિસ્તારના પૂર્વ રાજ્યમંત્રી તથા વર્તમાન સમયના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી પણ અનેક વખત આ સ્થળની મુલાકાત લઈ ચૂક્યા છે, છતાં રસ્તાના નવીનીકરણ કરવા થઈ રહેલા વિલંબને લઈને સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ વન વિભાગ અને સંબંધિત તંત્રને પાનસ વન ઔષધિય ઉધાન તરફના આ મહત્વના માર્ગનું તાત્કાલિક નવીનીકરણ કરીને પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને સુરક્ષિત અવરજવરની સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગ કરી છે

### ૧૯ જૂન : વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસ


## વલસાડ જિલ્લામાં સિકલસેલના ૨૬૬૫ કેસ નોંધાયા

### કુલ ૧૦,૦૯,૫૭૦ આદિવાસી વસ્તીનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું, જેમાં સિકલ સેલ ટ્રેઈટના ૫૨,૭૭૨ કેસો નોંધાયા

(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૧૮ :** સિકલસેલ રોગ વિશ્વના સૌથી સામાન્ય વારસાગત રક્તરોગોમાંનો એક છે, જેની સામે જાગૃતિ કેળવવા માટે દર વર્ષે તા. ૧૯ જૂનના રોજ વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વલસાડ જિલ્લો આદિવાસી બહુલ જિલ્લો હોવાથી અહીં સિકલ સેલ એનિમિયાના કેસો વધુ પ્રમાણમાં જોવા મળે છે. વલસાડ જિલ્લામાં મે- ૨૦૨૬ સુધીમાં કુલ ૧૦,૦૯,૫૭૦ આદિવાસી વસ્તીનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે, જેમાં ૨,૬૬૫ સિકલ સેલ ડિસીઝના અને ૫૨,૭૭૨ સિકલ સેલ ટ્રેઈટના કેસો નોંધાયા છે.

સિકલસેલ એનિમિયા એક વારસાગત રક્તવિકાર છે, જેમાં લોહીના લાલ રક્તકણો દાતરડાના (સિકલ) આકારના બની જાય છે. આવા રક્તકણોનું આયુષ્ય ઓછું હોવાથી દર્દીમાં લોહીની ઉણપ, શારીરિક નબળાઈ તથા અન્ય આરોગ્ય સમસ્યાઓ સર્જાય છે.સિકલસેલની સમસ્યા આદિવાસીઓમાં જ કેમ વધુ પ્રમાણમાં જોવા મળે છે તે અંગે વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગના સિકલસેલ કંટ્રોલ પ્રોગામના નોડલ ઓફિસર ડો.મનોજ પટેલ જણાવે છે કે, વર્ષો




પહેલાં મેલેરિયાના અસરકારક ઈલાજ અને મેડિસિનના અભાવમાં આદિવાસી વિસ્તારમાં રહેતાં રહેલા લોકોના લોહીના લાલકણમાં એક વિશિષ્ટ રૂપમાં પરિવર્તન જોવા મળ્યું કે, જેને લીધે મેલેરિયાના જંતુઓ આવા લાલકણ ધરાવતા વ્યક્તિઓની અંદર સહેલાઈથી પ્રસ્થાપિત ન થઈ શકે. આ કુદરતી પરિવર્તનને આપણે આજે સિકલસેલ વિકૃતિ કહીએ છીએ. આ પરિવર્તન રંગસુત્રમાં થયું હોય આ સમસ્યા વારસાગત બની છે. એટલા માટે જ સિકલસેલની સમસ્યા આદિવાસીઓમાં જોવા મળે છે. તેમણે ઉમર્યુ કે આનો વારસાગત ફેલાવો રોકવા

સિકલ સેલની તપાસ લગ્ન પહેલા કરાવવી ખુબ જ જરૂરી છે શાળા, કોલેજ, પોલીટેકનીક, યુનિવર્સિટી વગેરેમાં સિકલ સેલ પરીક્ષણ, વાર્ષિક પ્રવૃત્તિનો એક ભાગ હોવો જોઈએ. વધુમાં

તેમણે વલસાડ જિલ્લામાં છેવાડા ગામડાઓમાં આવેલા પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર , સિવિલ હોસ્પિટલ, સરકારી તબીબી મહાવિદ્યાલય તથા બીજી સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ શક્ય છે. આ સિવાય (હાઈ-પર્ફોર્મન્સ લિક્વિડ ક્રોમેટોગ્રાફી) તપાસ સિવિલ હોસ્પિટલ વલસાડ અને વલસાડ રક્ત કેન્દ્ર ખાતે કરવામાં આવે છે, જેનાથી સિકલસેલ ટ્રેઈટ અને ડીસીઝ જાણી શકાય છે એમ જણાવ્યું હતું.

**વલસાડ જિલ્લામાં મે-૨૦૨૬ સુધીમાં તાલુકા મુજબ સ્ક્રીનિંગ**

| ક્રમ | તાલુકા | વસ્તી | કુલ આદિજાતિ વસ્તી | સ્ક્રીનિંગ થયેલ વસ્તી | % | ડીસીસ | % | વાહક (ટ્રેઈટ) | % |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | 439173 | 184470 | 160570 | 87.04 | 484 | 0.15 | 9571 | 3.01 |
| ૨ | પારડી | 180162 | 103736 | 97747 | 94.23 | 368 | 0.23 | 5197 | 3.28 |
| 3 | વાપી (મહાનગરપાલિકા) | 340184 | 29341 | 28774 | 98.07 | 79 | 0.08 | 1032 | 1.09 |
| ૪ | ઉમરગામ | 338049 | 197252 | 189195 | 95.92 | 372 | 0.14 | 9683 | 3.66 |
| ૫ | ધરમપુર | 235110 | 230825 | 213935 | 92.68 | 602 | 0.28 | 11150 | 5.13 |
| ૬ | નાનાપોંઢા | 159903 | 128009 | 124792 | 97.49 | 425 | 0.28 | 7599 | 5.05 |
| ૭ | કપરાડા | 215630 | 215497 | 194557 | 90.28 | 335 | 0.17 | 8540 | 4.39 |
| | કુલ | 1908211 | 1089130 | 1009570 | 92.70 | 2665 | 0.19 | 52772 | 3.77 |






## ભીનારની શ્રી સદગુરૂ હાઈ.માં ક્લાર્કનો નિવૃત્તિ સમારંભ યોજાયો



(દમણગંગચ ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૮ :** વાંસદા તાલુકાના ભીનાર ગામ સ્થિત શ્રી સદગુરૂ હાઈસ્કૂલમાં લાંબા સમયથી નિષ્ઠાપૂર્વક સેવા આપનાર ક્લાર્ક જયાબેન મણીલાલ પટેલના નિવૃત્તિ નિમિત્તે ભાવભીનું સન્માન સમારંભ યોજાયો હતો. વર્ષ ૧૯૯૨થી શાળામાં સેવારત રહેલા જયાબેન પટેલે પોતાના ૩૪ વર્ષના સેવાકાળ દરમિયાન શાળાના વહીવટી અને કચેરીય કાર્યોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે શાળાના સંચાલક મંડળ, આચાર્ય, શિક્ષકગણ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ ગામના અગ્રણીઓની ઉપસ્થિતિમાં જયાબેન પટેલના સેવાકાળને બિરદાવવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય દિનેશભાઈ જે પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ તેમના કાર્યપ્રતિના સમર્પણ, પ્રમાણિકતા, સમયપાલન અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી હતી. સમારંભ દરમિયાન શાળા પરિવાર દ્વારા શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અને સન્માનપત્ર અર્પણ કરી જયાબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્તિના આ અવસરે જયાબેન પટેલે શાળા પરિવાર તથા સહકર્મચારીઓનો આભાર વ્યક્ત કરી પોતાના સેવાકાળના સંસ્મરણો વહેંચ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રશંસા પરમાર અને ઉચિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. જયાબેન પટેલ તરફ થી વિદ્યાર્થીઓ, શાળા પરિવાર અને મહેમાનો માટે નીતિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## શામગહાનની નવનિર્મિત જનતા હાઈ.નું લોકાર્પણ કરાયું

(દમણગંગચ ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૮ :** રાજ્યનાં છેવાડે આવેલા ડાંગ જિલ્લાનાં અંતરિયાળ વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે અદ્યતન સુવિધાઓ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે સુરતની એથર ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ દ્વારા એક સરાહનીય પગલુ ભરવામાં આવ્યુ છે.એથર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં આવેલી અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દોડીપાડા સંચાલિત જનતા હાઈસ્કૂલ શામગહાનનું લાખોનાં ખર્ચે સંપૂર્ણ નવીનીકરણ કરવામાં આવ્યુ છે,જેનું આજરોજ રંગેચંગે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું.

આ નવીનીકરણથી સ્થાનિક ધોરણ ૯થી ૧૨નાં બાળકોના ભવિષ્ય માટે શિક્ષણનો એક નવો ઉજાસ પથરાશે.આ ભવ્ય લોકાર્પણ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને ડાંગનાં ધારાસભ્ય વિજયભાઈ પટેલ, શામગહાન ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ સુનિલભાઈ ભોયે, તેમજ એથર કંપનીના ઓનર્સ અશ્વિનભાઈ દેસાઈ અને દિપકભાઈ મહેતા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ દરમિયાન જનતા હાઈસ્કુલ શામગહાન શાળાની સાથે ગીતાંજલિ માધ્યમિક કન્યા છાત્રાલય, વલ્લભ



કુમાર છાત્રાલય અને અદ્યતન ટોયલેટ બ્લોકનું પણ નવીનીકરણ કરીને લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. આ ખુશીના પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ પ્રાર્થના, સ્વાગત ગીત સહિત વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને સ્ટેજ ગજવ્યો હતો અને ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતાં. આ પ્રસંગે મુખ્ય અતિથિ પદેથી બોલતા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, એથર ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડના દાતાઓએ અંતરિયાળ એવા ડાંગ જિલ્લામાં શિક્ષણનો જે દીવડો પ્રગટાવ્યો છે તે અત્યંત સરાહનીય બાબત છે. તેમણે એથર કંપનીની આ કામગીરીને બિરદાવીને અપીલ કરી હતી કે ડાંગ જિલ્લામાં શિક્ષણ અને વિકાસનું આ કાર્ય અવિરતપણે ચાલતુ રહે.તેઓએ દાતાઓનો ડાંગની જનતા વતી આભાર વ્યક્ત કર્યો હતો.

આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, શામગહાન ગ્રુપ ગ્રામ પંચાયતનાં સરપંચ સુનિલભાઈ ભોયે, એથર ઈન્ડસ્ટ્રીઝના અશ્વિનભાઈ દેસાઈ, પૂર્ણિમાબેન દેસાઈ, દિપકભાઈ મહેતા, વૈશાલીબેન મહેતા, જિલ્લા પંચાયતનાં સદસ્ય કમળાબેન રાઉત, તાલુકા સદસ્યોમાં ગોપાળભાઈ બંગાળ તથા ગુંન્તીબેન ગાંગુર્ડે, પ.પૂ.પી. પી.સ્વામીજી, અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખ શિવરામભાઈ ખેરાડ,મંત્રી જાનાભાઈ ગાયકવાડ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત સુરતના જાણીતા ઈન્ટરનેશનલ પેરા સ્વિમર દેવાંશી રાણા, નેશનલ પેરા સ્વિમર અશોકભાઈ રાણા, પ્રોજેક્ટના આર્કિટેક્ટ ચેતનભાઈ પાટીલ સહિત સ્થાનિક અગ્રણીઓ, વાલીઓ, ગ્રામજનો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અને એટીવીટીના વિકાસ કામો અંગે

## આહવામાં સમીક્ષા બેઠક યોજાઈ

**આહવા, તા. ૧૮ :** ડાંગ જિલ્લાના સર્વાંગી વિકાસને ગતિ આપવા તથા વિકેન્દ્રિત જિલ્લા આયોજન અને એટીવીટી અંતર્ગત હાથ ધરાયેલા વિવિધ વિકાસકાર્યોની પ્રગતિની સમીક્ષા માટે જિલ્લા કક્ષાની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓએ તેમના વિભાગ હેઠળ ચાલી રહેલા વિકાસકાર્યો, મંજૂર થયેલ યોજનાઓ તથા ખર્ચની પ્રગતિ અંગે વિગતવાર રજૂઆત કરી હતી.

બેઠક દરમિયાન કલેક્ટર એન.ડી. પરમારે માર્ગ અને મકાન, પાણી પુરવઠા, શિક્ષણ, આરોગ્ય, ગ્રામ વિકાસ, કૃષિ, આદિજાતિ વિકાસ સહિતના વિવિધ વિભાગોના કામોની સમીક્ષા હાથ ધરી હતી. જે કામોમાં વિલંબ જોવા મળ્યો હતો તેવા કામો ઝડપથી પૂર્ણ કરવા તથા નક્કી કરાયેલ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી





માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.


આ વેળા જિલ્લા આયોજન મંડળ હેઠળ મંજૂર થયેલા વિકાસકાર્યોમાં નાણાંકીય અને ભૌતિક પ્રગતિની વિગતોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. વિવિધ વિભાગોને પ્રજાલક્ષી યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકોને પહોંચે તે માટે અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી. સાથે જ ગુણવત્તાયુક્ત કામગીરી, સમયસર ટેન્ડર પ્રક્રિયા, કામોની નિયમિત મોનિટરિંગ અને પારદર્શિતા જળવાય તે બાબતે ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં જિલ્લાના વિકાસને વેગ આપતા મહત્વપૂર્ણ પ્રોજેક્ટો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. વિકાસકાર્યોમાં આવતી મુશ્કેલીઓ અને પડકારોના નિવારણ માટે વિભાગો વચ્ચે સંકલન વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

દરમિયાન અમલીકરણ અધિકારીઓને લોકોની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને વિકાસલક્ષી યોજનાઓનો અસરકારક અમલ કરવા તથા સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે પ્રતિબદ્ધતાપૂર્વક કામગીરી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં સને ૨૦૨૩/૨૪ ના ૫૯૪ વિકાસ કામો, સને ૨૦૨૪/૨૫ના ૫૯૬ કામો, તથા સને ૨૦૨૫/૨૬ના ૬૭૩ કામોની સમીક્ષા હાથ ધરાઈ હતી.

## નવસારીમાં યોગ દિવસની ઉજવણી અંગે બેઠક મળી

### જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ ટાઉનહોલ ખાતે અને આઈકોનિક સ્થળ દાંડી ખાતે પણ યોગ સત્ર યોજાશે



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૮ :** આગામી તા.૨૧ જુનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સફળ ઉજવણીના સુચારુ આયોજન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક નવસારીના નિવાસી અધિક કલેક્ટર જી.એન. લીખીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં તેમણે યોગ દિવસની ઉજવણીમાં મહત્તમ જનભાગીદારી સુનિશ્ચિત કરવા અને તમામ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જાળવવા પર ખાસ ભાર મૂક્યો હતો અને કાર્યક્રમના માઈક્રો-પ્લાનિંગ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.

આ વર્ષે જિલ્લા કક્ષાનો અને મહાનગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ સંયુક્ત રીતે નવસારી ટાઉનહોલ ખાતે યોજવામાં આવનારો છે. આ મુખ્ય કાર્યક્રમની સાથે-સાથે નવસારી જિલ્લાના ઐતિહાસિક અને આઈકોનિક સ્થળ એવા દાંડી ખાતે પણ સમાંતર રીતે વિશેષ યોગ સત્રનું આયોજન કરવામાં આવશે. નિવાસી અધિક કલેક્ટરએ કાર્યક્રમના સ્થળો પર બેઠક વ્યવસ્થા, પ્રોટોકોલ અને નાગરિકો માટેની પ્રાથમિક સુવિધાઓની સમીક્ષા કરી હતી. જિલ્લા પ્રશાસન વતી તમામ અધિકારીઓએ નવસારી જિલ્લાના તમામ યોગપ્રેમીઓ અને સ્વાસ્થ્યપ્રેમી નાગરિકોને આ યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે અને ગ્રામ્ય તેમજ શહેરી સ્તરે વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા જરૂરી દિશાનિર્દેશો આપ્યા છે.

આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી રોશની ચૌધરી, મામલતદાર, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી અરુણ અગ્રવાલ, જિલ્લા યોગ સંયોજક ગાયત્રી તલાટી, નહેરુ યુવા કેન્દ્ર સંચાલક, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત-ગમત અધિકારી, આરોગ્ય અધિકારી તથા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગમાં ૨૩ થી ૨૫ જૂન 'કન્યા કેળવણી મહોત્સવ' અને 'શાળા પ્રવેશોત્સવ' યોજાશે

### ૧૭ હજાર ૫૭૪ બાળકોને કરાવાશેઁ શાળા -વેશઁ ઁ-ગતિના - વેશોત્સવૅ માં સૌને જોડાવા કરાયો અનુરોધ

**આહવા, તા. ૧૮ :** દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય સમસ્તની જેમ ગુજરાતના છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવને પ્રગતિના ઉત્સવૅ તરીકે ઉજવવાનું સુચારુ આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

ડાંગ કલેક્ટર એન.ડી. પરમારના વડપણ હેઠળ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કાર્યક્રમના સફળ આયોજન, વ્યવસ્થા અંગેની એક અગત્યની બેઠક, જિલ્લા સેવા સદનના સભાખંડમાં યોજાઈ હતી. જેમાં સંબંધિત અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન આપતા કલેકટરએ, એક પણ બાળક પ્રવેશથી વંચિત ના રહે તેની વિશેષ તકેદારી દાખવવાની અપીલ કરી હતી.

દરમિયાન ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓને ૫૧ જેટલા રૂટથી કવર કરી, રાજ્ય સ્તરના મંત્રી સહિતના પદાધિકારીઓ, હોદ્દેદારો, ઉચ્ચ વરિષ્ઠ સનદી અધિકારીઓ વિગેરેના આવાગમન ની સુચારુ વ્યવસ્થા જાળવવા પણ કલેકટર અનુરોધ કર્યો હતો.

જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પૂરી પડાયેલી વિગતો અનુસાર આ વર્ષે ડાંગ જિલ્લાની બાલવાટિકાઓમાં કુલ ૪ હજાર ૮૭૬ બાળકોને પ્રવેશ અપાશે. જયારે ધોરણ-૧ માં ૫૪, ધોરણ-૬ માં પાંચ હજાર ૨૩૭, ધોરણ-૯ માં ૩ હજાર ૮૫૭, ધોરણ-૧૧ માં ૨ હજાર ૬૩૫, અને પુનઃ પ્રવેશપાત્ર ૮૮૫ બાળકો મળી કુલ ૧૭ હજાર ૫૩૪ બાળકોને શાળા પ્રવેશ કરાવાશે. આ અભિયાનનો મુખ્ય હેતુ દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો, શાળા છોડનાર બાળકોને પુનઃપ્રવેશ અપાવવાનો તેમજ શિક્ષણ પ્રત્યે સમાજમાં વ્યાપક જાગૃતિ લાવવાનો છે.

ડાંગ જિલ્લા તંત્ર દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓમાં કાર્યક્રમની સફળતા માટે વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાના અધિકારીઓ, તાલુકા વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ અને સ્થાનિક સંસ્થાઓના સંકલનથી દરેક ગામ અને વસાહત સુધી પહોંચીને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

જિલ્લા શિક્ષણ તંત્રએ વાલીઓ, ગ્રામજનો, સામાજિક સંસ્થાઓ અને જનપ્રતિનિધિઓને આ અભિયાનમાં સક્રિય સહભાગી બની શિક્ષણના આ મહાયજ્ઞને સફળ બનાવવા અપીલ કરી છે. શિક્ષણ દ્વારા જ વિકસિત સમાજ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ શક્ય હોવાનું જણાવતાં દરેક બાળકને શાળામાં પ્રવેશ અપાવવાની સામૂહિક જવાબદારી નિભાવવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

## નવસારીના ખેડૂતો માટે ટ્રેક્ટર સહાય માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૮ :** રાજ્ય સરકારના ખેતીવાડી ખાતા દ્વારા ટ્રેક્ટર સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રથમ તબક્કામાં અરજીઓ સ્વીકારવા માટે તા. ૨૭ માર્ચ, ૨૦૨૬ થી તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. પ્રાપ્ત થયેલ અરજીઓની સમીક્ષા કરતાં રાજ્યના કુલ ૧૬ જિલ્લાઓમાં ફાળવવામાં આવેલા લક્ષ્યાંકની સરખામણીએ પાત્રતા ધરાવતી અરજીઓ ઓછી સંખ્યામાં પ્રાપ્ત થઈ હોવાનું જણાયું છે.

આથી વલસાડ, નવસારી, સુરત, વડોદરા, છોટા ઉદેપુર, આણંદ, ખેડા, પંચમહાલ, ભરુચ, તાપી, મહેસાણા, દાહોદ, નર્મદા, મહીસાગર, ગાંધીનગર તથા ડાંગ જિલ્લાઓમાં વધુ અરજીઓ સ્વીકારવા માટે તા. ૧૬ જૂન, ૨૦૨૬ થી તા. ૧૫ જુલાઈ, ૨૦૨૬ સુધી આઈ-ખેડૂત પોર્ટલ પુનઃ ખુલ્લું મુકવામાં આવશે.

જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે કે ખેતીવાડી ખાતાની ટ્રેક્ટર સહાય યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક ખેડૂત મિત્રોએ આઈ-ખેડૂત પોર્ટલ પર નોંધણી કરીને નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવી. વધુમાં વધુ ખેડૂતો આ યોજનાનો લાભ મેળવે તે માટે તમામ ખેડૂત મિત્રોને સમયસર અરજી કરવાનું જિલ્લા ખેતવાડી અધિકારીની અખબારી યાદીમાં જણાવેલ છે .

## નવસારી જિલ્લામાં રવિવારે NEET ની પરીક્ષા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૮ :** આગામી ૨૧/૦૬/૨૦૨૬ ના રોજ નવસારી જિલ્લામાં નેશનલ એલેજિબિલિટી કોમન એન્ટરન્સ ટેસ્ટ (NEET) પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.આ પરીક્ષાનું સરળ અને સુચારુ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થચિતે પરીક્ષા આપી શકે એ માટે નવસારીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જે.એન. લિખિયાને મળેલી સત્તાની રૂએ નવસારીના પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા કોઈપણ વ્યક્તિએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા પર કે પરિક્ષા સમય દરમિયાન તેનો ઉપયોગ પર કે લાઉડસ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર અંદર ઝેરોક્ષ/નકલો/ફેક્સ સંબધિત સેન્ટરો ચાલુ રાખવા સાથે નીચે જણાવેલ કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

(૧) બિનઅધિકૃત વ્યકિતઓને પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવા પર. (૨) કોઈપણ શખ્સો દ્વારા તરકીબ વાપરી પરીક્ષાર્થીઆને પરીક્ષા વિષયક ચોરી કરવા /કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા પર. (૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઈપણ કૃત્ય કરવા (૪) પરીક્ષામાં ચોરી ગણાય તેવી પ્રતિબંધિત વસ્તુ,ઈલેકટ્રોનિકસ આઈટમો, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવા કે કરાવવા ઉપર તથા આવા કાર્યોમાં મદદગારી કરવા ઉપર ૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવા / સભા બોલાવવા, સરઘસ કાઢવા કે ભેગા થવા પર આ હુકમનો અમલવારી કાર્યક્ષેત્રે હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રો પર તથા તા.૨૧-૦૬-૨૦૨૬નાં રોજ સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૭:૦૦ કલાક સુધી અમલમાં રહેશે , હુકમનો ભંગ કરનાર ઈસમ /વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com






તા. ૧૭-૬-૨૦૨૬ની રાત્રે ૮:૧૫ ક.ની વલસાડથી ધરમપુર જતી ઈન્ટરસિટી બસ માં હેડલાઈટ નામ માટે જ મૂકી છે. દૈનિક મુસાફરોનું જીવ જોખમમાં મૂકીને ચાલક અંધકારમાં ઝાખાં પ્રકાશે હંકારે ત્યારે મુસાફરોના જીવ પડીકે બંધાય છે. એક બાજુ સરકાર વિકાસના, નવી બસો મૂકવાના, ગ્રુહમંત્રી ૨૭ના બદલે ૩૦ લાખની દૈનિક હેરફેર કરવાના લક્ષ્યની વાત કરે છે, ત્યારે અપૂરતા હેડલાઈટ-કાશી વાહન અનેક વખત દોડાવી આદિવાસી વિસ્તારની મુસાફર જનતાની ઉપેક્ષા કરે છે. કમલેશ યોગી મુસાફરે સોશિયલ મીડીયા પર રાત્રે ૮:૨૫ કલાકે પોસ્ટ મૂકી નિગમને જગાડ્યું હતું.

### જન્મદિવસની શુભેચ્છા



**નામ : નીતિ કમલેશ ઝંઝારે**
**જન્મ તા. ૧૯/૦૬/૨૦૧૬**
**પિતાનું નામ : કમલેશ ઝંઝારે**
**માતાનું નામ : વિભા કમલેશ ઝંઝારે**

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૯-૦૬-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** જેઠ, પાંચમ **સૂર્યોદય :** ૦૫ : ૫૫ **સૂર્યાસ્ત** ૦૭ :૨૦, **ચંદ્રોદય** - ૦૯:૮૯૦ **ચંદ્રાસ્ત** - ૧૦:૪૨ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - પુષ્ય

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજેસવારે કરવામાં આવેલ ધ્યાન દિવસભર માનસિક રાહત લાવશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. મિત્રો અને અપિચિતોથી એક્સરખા ચેતતા રહેજો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે વધુ તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળોવો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે.

**સિંહ(મ.ટ.) :** આજે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો.

**તુલા (ર.ત.) :** આજે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે?

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજેહળવા થવા માટેનિકટના મિત્રોસાથેસમય વિતાવજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો.

**મકર(જ.ખ) :** આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે.

**કુંભ(ગ.શ.સ.) :** તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે.

## દમણ રેડિયો

આकाशवाणी

**102.3 FM**

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

### સુડોકુ નં.૬૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 1 | | | | 9 | 8 | |
| | 3 | | 5 | | 1 | | 7 | |
| | | 9 | | 3 | | 6 | | |
| | | 2 | 3 | 7 | 8 | 1 | | |
| | | | | | | | | |
| | | 4 | 6 | 1 | 5 | 3 | | |
| | | 7 | | 6 | | 5 | | |
| | 1 | | 4 | | 7 | | 9 | |
| | 2 | 8 | | | | 7 | 1 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૦૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 3 | 4 | 2 | 9 | 7 | 1 | 6 |
| 1 | 4 | 6 | 3 | 7 | 5 | 2 | 8 | 9 |
| 2 | 9 | 7 | 8 | 1 | 6 | 5 | 4 | 3 |
| 3 | 6 | 5 | 2 | 8 | 4 | 1 | 9 | 7 |
| 4 | 8 | 2 | 1 | 9 | 7 | 3 | 6 | 5 |
| 9 | 7 | 1 | 6 | 5 | 3 | 8 | 2 | 4 |
| 7 | 3 | 8 | 9 | 4 | 1 | 6 | 5 | 2 |
| 5 | 2 | 4 | 7 | 6 | 8 | 9 | 3 | 1 |
| 6 | 1 | 9 | 5 | 3 | 2 | 4 | 7 | 8 |

## કપરાડા પંથકમાં ૬૩૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૮ :** અમદાવાદ સ્થિત અભિરંગ શ્રી રંગ યુવા સંગઠન દ્વારા કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી ૬ શાળાઓના ૬૩૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કીટમાં નોટબુક, કંપાસ બોક્સ, પેન્સિલ, રબર, સ્કેલ, સ્કૂલ બેગ, ચોકલેટ અને બિસ્કીટ સહિતની સામગ્રી આપવામાં આવી હતી.



નવી સ્કૂલ બેગ અને શૈક્ષણિક સામગ્રી મળતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી.

સંસ્થાના કાર્યકરોએ જણાવ્યું હતું કે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન આપવાના હેતુથી આ સેવાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

કાર્યક્રમને સફળ બનાવવા અભિરંગ શ્રી રંગ યુવા સંગઠન, ધરમપુર અભિરંગના સેવાભાવી મિત્રો, સ્થાનિક શાળા પરિવાર તથા CRCનો સહયોગ પ્રાપ્ત થયો હતો.



વાપી પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ગરમી અને બફારાને લઇ લોકોને ગરમીથી બચવા માટે વાપી ટાઉનના શ્રી અજીતનાથ જૈન સંઘ દ્વારા મફત છાશ વિતરણ કરવામાં આવી રહી છે. જેને લઇ રસ્તે ચાલતા રાહદારીઓને વાહન ચાલકોને ઠંડી છાશ પીવાથી ગરમીથી રાહત થશે. જોકે આ છાશ વિતરણ કાર્યક્રમ રોજે રોજ દાતાઓના સહયોગથી કરાઈ રહ્યો છે.

## દમણમાં 'ડ્રગ્સ મુક્ત ભારત' સપ્તાહનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૮ :** સમાજ કલ્યાણ વિભાગ અને પોલીસ વિભાગના સંયુક્ત સહયોગથી ડ્રગ-મુક્ત ભારત અભિયાન વિકસિત ભારતની ઓળખના બેનર હેઠળ ડ્રગ્સ-મુક્ત ભારત સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન, સમાજ કલ્યાણ વિભાગના સચિવ આશિષ મોહનના નિર્દેશન અને ડિરેક્ટર પુનીત કુલશ્રેષ્ઠના નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યો હતો. પોલીસ વિભાગના એસડીપીઓ ગુરુ સેવક સિંહ અને સમાજ કલ્યાણ વિભાગના નાયબ સચિવ પુનીત કુલશ્રેષ્ઠનું આ કાર્યક્રમમાં પુષ્પગુચ્છોથી સ્વાગત કરવામાં



આવ્યું હતું. ઉપસચિવ પુનીત કુલશ્રેષ્ઠે જણાવ્યું હતું કે યુવાનોને ડ્રગ્સના દુષ્પ્રભાવથી વાકેફ કરવા એ સમયની માંગ છે. જનભાગીદારી દ્વારા જ ડ્રગ ફ્રી ઈન્ડિયાના અભિયાનને સફળ બનાવી શકાય છે અને સમાજને ડ્રગ્સના દુષ્પ્રભાવથી બચાવી શકાય છે. કાર્યક્રમ દરમિયાન, ઉપસ્થિત તમામ લોકોએ ડ્રગ ડિ-એડિકેશનના શપથ લીધા હતા અને ખાસ હસ્તાક્ષર ઝુંબેશમાં ભાગ લઈને ડ્રગ ફ્રી સમાજ બનાવવાના પોતાના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો.

આ પ્રસંગે પોલીસ વિભાગ અને સમાજ કલ્યાણ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ, સ્વયંસેવકો અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

## વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા તા. ૨૧ જૂન ૨૦૨૬ના રોજ 'સ્વસ્થ આયુ માટે યોગ' (Yoga for Healthy Ageing) થીમ અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવશે. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરે યોગ ડે - ૨૦૨૬ના ભાગરૂપે આયુષ મંત્રાલય દ્વારા યોગ સંગમ આયોજક તરીકે નોંધણી કરાવેલી છે. આ ઉજવણી અંતર્ગત તા. ૨૧ના રોજ નહેરુ વિજ્ઞાન કેન્દ્ર, મુંબઈ દ્વારા સવારે ૬:૩૦ થી ૯:૦૦ કલાકે ઓનલાઈન યોગ સત્રનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારબાદ સવારે ૯:૦૦ કલાકે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગરના યોગા ઈન્સ્ટ્રક્ટર ગુલાબભાઈ જાદવ દ્વારા વિવિધ આસનોનું લાઈવ પ્રદર્શન કરાવવામાં આવશે.

યોગ દિવસની ઉજવણીને વધુ રસ-દ બનાવવા માટે વિદ્યાર્થીઓ માટે એક વિશેષ ઓપન હાઉસ ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ, કેન્દ્રમાં આવતા મુલાકાતીઓમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા લાવવાના ઉદ્દેશ્યથી યોગ પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બતાવવામાં આવશે.

લોકોમાં યોગ પ્રત્યે આકર્ષણ વધે અને તેઓ સોશિયલ મીડિયાના માધ્યમથી અન્ય લોકોને પણ જાગૃત કરી શકે તે માટે કેન્દ્ર ખાતે એક વિશેષ સેલ્ફી પોઈન્ટ પણ તૈયાર કરવામાં આવ્યો છે. ધરમપુર અને આસપાસના વિસ્તારના તમામ નગરજનોને આ માહિતીપ્રદ અને સ્વાસ્થ્યવર્ધક કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

## વાપીમાં મીઠી પટ્ટી ચિકિત્સા શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી જીઆઈડીસીના રવિસીયા પાર્કમાં પતંજલિ યોગ સમિતિના સંધ્યાબેન ભંડારી દ્વારા ચલાવતા યોગા ક્લાસમાં બે દિવસીય જૂની મિટ્ટી પટ્ટી ચિકિત્સા મડ થેરેપી શિબિર યોજાઈ જેનો ૫૦થી વધુ લોકોએ લાભ લીધો હતો. વાપીમાં પ્રથમવાર પતંજલિ યોગ સમિતિ દ્વારા મીઠી પટ્ટી ચિકિત્સા શિબિરનું આયોજન તારીખ ૧૬ અને ૧૭ જૂનના રોજ વાપી જીઆઈડીસીના રવિસીયા પાર્કમાં પતંજલિ યોગ સમિતિ દ્વારા મિટ્ટી પટ્ટી શિબિરનું આયોજન થયું હતું. આ શિબિર ગુજરાત રાજ્ય મહિલા પતંજલિ યોગ પ્રભારી તનુજા બહેન દ્વારા કરાયું હતું. જેમાં પતંજલિના શીલાબહેન રાજુભાઈ, કમલેશભાઈ, ધીરુભાઈ તેમજ દક્ષાબહેન હાજરી આપી પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. જેમાં માટીની થેરાપી દ્વારા કેવી રીતે આપણે સ્વસ્થ રહી શકીએ અને બધા રોગમાંથી મુક્તિ મેળવી શકીએ એનું અનુભવ લીધો હતો. વાપીમાં પ્રથમ વાર માટી પટ્ટી ચિકિત્સા શિબિર સાથે લોકોમાં ખૂબ જ ઉત્સુકતા જોવા મળી હતી. જેમાં ૫૦ લોકોએ ભાગ લીધો હતો. જેમાં ઘણા બધા ક્ષેત્રમાંથી લોકો આવ્યા હતાં. જેમ કે હરિયા હોસ્પિટલ માંથી જીગીશાબહેન રકી માસ્ટર સાઉન્ડ હિલિંગ થેરાપીસ્ટ જીગ્નીશાબહેનએ પણ અનુભવ લીધો હતો.

## પારડીની એન. કે. દેસાઈ કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૮ :** પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજનો આઠમો વાર્ષિકોત્સવ ઉજવાયો આજરોજ સમગ્ર વર્ષ દરમિયાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ અને પરીક્ષાઓના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું અને સંસ્કૃતિ કાર્યક્રમમાં યોજાયા હતાં.



આ કાર્યક્રમમાં પ્રમુખ તરીકે પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં તથા માનદ મંત્રી અને ઉપપ્રમુખ ધર્મિન શાહ ટ્રેઝરર CA દેવાંગ ભટ્ટ ટ્રસ્ટી જય પ્રકાશભાઈ દેસાઈ અને પ્રજાપતિ સમાજના ટ્રેઝરર અને સોસાયટીના સભ્ય એવા રાજેશ લાડ ઉપસ્થિત રહ્યા હતાં.

સ્વાગત પ્રવચન અને વાર્ષિક અહેવાલ કોલેજના ડાયરેક્ટર ડોક્ટર દિપેશ શાહ દ્વારા આપવામાં આવ્યો હતો અને ત્યારબાદ વિવિધ સ્પર્ધાઓના ઈનામો કોલેજના પ્રાધ્યાપક આકાંક્ષા પટેલ અને રૂતાંશી પટેલ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા અને સ્ટેજના માનવાઓ પાસેથી વિદ્યાર્થીઓ ઈનામો સ્વીકાર્યા હતા. દરેક સેમેસ્ટરમાં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓના માતા-પિતાનું સ્ટેજ પરથી ચાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓને સફળતાનો રાહ બતાવી વધુને વધુ સ્કીલ ડેવલપમેન્ટ પર કાર્ય કરી આગળ વધવાની વાત કરવામાં આવી હતી તથા સો વર્ષ જૂની સોસાયટીના આપ સૌ વિદ્યાર્થીઓને જોઈને હર્ષની લાગણી અનુભવી હતી. મદદ મંત્રી ધર્મીનભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં તથા સ્ટાફ મિત્રોની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી.

કુલ ૨૦૦ જેટલા ઈનામો આપ્યા બાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતાં. જેમાં ગુજરાતી ગરબો, રાજસ્થાની ઘુમર અને વિવિધ બોલીવુડ ડાન્સ મુખ્ય રહ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાની કલાઓને રજૂ કરી હતી જેને પ્રેક્ષકોએ જોરદાર તાળીઓથી વધારી હતી છેલ્લે ડીજે દ્વારા કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રજાપત ડો. અજય પટેલ અને વત્સલ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભાર વિધિ કોલેજના કોઓર્ડીનેટર વિરલ દ્વારા કરવામાં આવી હતી. સફળ આયોજન બદલ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપલ ડો. તપનસિંહ પરમાર અને કેમ્પસ ડાયરેક્ટર ડો. દીપેશ શાહ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આજે અબ્રામામાં જનકલ્યાણ શિબિર યોજાશે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૮ :** વડાપ્રધાનના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તેમજ સરકારના વિકસિત ભારત @ ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા અને સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી તથા લાભ વધુમાં વધુ પ્રજાજનો સુધી પહોંચે તે હેતુસર વલસાડ નગરપાલિકા દ્વારા તા. ૧૭/૦૬/૨૦૨૬ના રોજ ગાંધી લાઈબ્રેરી, મોગરાવાડી ખાતે જન કલ્યાણ શિબિરજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરની વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે પણ મુલાકાત લઈ સૌને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ જન કલ્યાણ શિબિર દરમિયાન શહેરીજનોને એક જ સ્થળે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજના પી.એમ. સ્વનિધિ યોજના, આયુષ્યમાન ભારત યોજના, આયુષ્યમાન વયવંદના યોજના, નમો યોજના, પી.એમ.જે.એ.વાય., રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃધ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, ફ્રી શીપ કાર્ડ, મુખ્યમંત્રી લક્ષ્મી યોજના અને સરસ્વતી યોજના અંગે માહિતી -ાપ્ત થઈ હતી તેમજ યોજનાઓના લાભ મેળવવા માટે જરૂરી માર્ગદર્શન અને સહાય પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઉદઘાટન સમારોહ પ્રસંગે વલસાડ નગરપાલિકાના પ્રમુખ માલતીબેન ટંડેલ, ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા તેમજ વોર્ડના અન્ય સભ્યઓ અને ચીફ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતાં. વલસાડ નગરપાલિકા દ્વારા આ જન કલ્યાણ શિબિર આગામી ૧૮/૦૬/૨૦૨૦૬ના રોજ ડી.એમ.ડી.જી. સ્કુલ પાછળ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે અને તા. ૧૯/૦૬/૨૦૨૬ના રોજ અબ્રામા ઝોન ઓફીસ, અબ્રામા, વલસાડ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે યોજાનાર છે. જેનો વધુમાં વધુ લોકો લાભ લે તેવો અનુરોધ વલસાડ નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો છે.

## કલવાડાની નવપ્રગતિ હાઈ.માં નોટબુક વિતરણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડના કલવાડાની નવપ્રગતિ હાઈસ્કૂલ કલવાડામા વાપી રોટરી રિવર સાઈડ તરફથી શાળાના તમામ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નોટબુકનુ વિતરણ વાપી રોટરી રિવર સાઈડના પ્રમુખ જીગરભાઈ દેસાઈના શુભહસ્તે થયું હતું. જે ખરેખર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ છે. આ સરાહનીય કામગીરી માટે શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળા પરિવારમાં આનંદ અને ઉત્સાહની લાગણી ફેલાઈ છે. વિદ્યાથીઓ, વાલીઓ, અને શાળા પરિવાર વાપી રોટરી રિવર સાઇડનો દિલથી અત્યંત આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવી આવી સેવાકીય પ્રવૃતિઓ માટે -ભુ એમને શક્તિ, સ્વાસ્થ્ય અને સાથ આપે એવી માતાજીને પ્રાર્થના સહ શુભેચ્છાઓ પાઠવે છે.

## બાલચોંડી અંબેમાતા કન્યા વિધાલયમાં 'વીજળી બચાવો' અંગે માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૮ :** નાનાપોંઢા સ્થિત ચાલતી અંબામાતા કન્યા વિદ્યાલયમાં વીજળી બચાવો અને વધુ આવતું લાઇટ બિલને ઓછું કરવા માટે શું કરવું જોઈએ આ વિષય પર વિદ્યાર્થીઓ સાથે અશ્વમેઘ ગ્રૂપના મેનેજિંગ ટિરેક્ટર હર્ષદભાઈ પટેલ દ્વારા વિધાર્થીઓ સાથે શીધો સંવાદ કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



આ ઉપરાંત વાલીઓ ના મંતવ્ય લઈ એક વીજળી બચાવો અંગે રસ-દ કાર્યક્રમ યોજાયો હતો. વીજળી બચાવો અને લાઈટ બિલ ઓછુ કેવી રીતે આવી શકે જે અંગે વિધાર્થીઓ દ્વારા જૂનું લાઈટ બિલ સાથે રાખી વીજ કંપનીની દરેક ઉલ્લેખનીય બાબતો નું ખુબજ ઊંડાણપૂર્વક વાકેફ કરાયા હતાં અને ત્યાર બાદ બાળકો દ્વારા પોતાના વાલીઓને લાઈટ બિલની જાણકારી આપી અને ઓછું લાઈટ બિલ કેવી આવી શકે સાથે વીજળીની બચત કેવી રીતે થાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય જયદીપભાઈ મહેતા, શાળાના શિક્ષક સ્ટાફ અને વિધાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ દીધો હતો.

## ઉમરસાડી હાઈવે પરથી મળેલા બાળકનું પરિવાર સાથે સુખદ મિલન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૮ :** પારડી તાલુકાના ઉમરસાડી કોસ્ટલ હાઈવે પરથી મળેલા ભટકાયેલા બાળકનું પરિવાર સાથે સુખદ મિલન એના માતા-પિતા સાથે પારડી પોલીસે કરાવ્યો હતો. આ બાળક નો રેસ્ક્યુ ઉમરસાડીના આગ્રાની અને પૂર્વ ભાજપના તાલુકા પ્રમુખ મહેશભાઈ દેસાઈએ કર્યો હતો. પોલીસ સ્ટેશને પહોંચાડતા પીઆઇ ગોહિલે તાત્કાલિક બાળકના માતા-પિતાને બોલાવીને બાળકનો કબજો માતા પિતાને આપતા ખુશી છવાઈ ગઈ હતી અને બાળકનું રક્ષણ પણ થયું હતું. ઉમરસાડી કોસ્ટલ હાઈવે નજીક કોળીવાડ વિસ્તારમાં એક બિનવારસ હાલતમાં મળી આવેલા નાનકડા બાળકને તેના પરિવાર સાથે સુરક્ષિત રીતે મિલન કરાવવામાં આવ્યું હતું મળેલી માહિતી મુજબ, બાળકનું નામ બલરાજ છે અને તેના પિતાનું નામ જય-કાશ છે. મૂળ બિહાર રાજ્યના



રાજગીર વિસ્તારના રહેવાસી બલરાજ તેની માતા સાથે પ્રવાસ માટે નીકળ્યો હતો. પારડી રેલવે સ્ટેશન પર ઉતર્યા બાદ તેઓ દમણ જવા માટે નીકળ્યા હતાં, જ્યાં તેના પિતા એક ફેક્ટરીમાં નોકરી કરે છે અને પરિવાર સાથે રહે છે. દરમિયાન કોઈ કારણસર બલરાજ તેની માતાથી વિખૂટો પડી ગયો હતો અને ભટકતો ઉમરસાડી વિસ્તારમાં પહોંચી ગયો હતો. આ અંગે જાણ થતાં ઉમરસાડીના સામાજિક કાર્યકર મહેશ એમ. દેસાઈએ બાળકના ફોટા સાથે સોશિયલ મીડિયામાં સંદેશ પ્રસિદ્ધ કરી તેના પરિવારજનોની શોધખોળ શરૂ કરી હતી. સાથે જ પારડી પોલીસના સહયોગથી બાળકના માતા-પિતાની માહિતી મેળવવાના પ્રયાસો હાથ ધરાયા હતાં.

તપાસ દરમિયાન બાળકે પોતાની બિહાર સ્થિત શાળાનું નામ જણાવ્યું હતું. તેના આધારે શાળાનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો હતો. શાળા પાસેથી બાળકના પિતાનો મોબાઈલ નંબર મેળવવામાં સફળતા મળી હતી. ત્યારબાદ બાળકના પિતાને સંપર્ક કરી પારડી પોલીસ મથકે બોલાવવામાં આવ્યા હતાં.

અંતે પારડી પોલીસ અને મહેશ એમ. દેસાઈના સંયુક્ત પ્રયાસોથી બલરાજનું તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું. પોતાના બાળકને સુરક્ષિત જોઈ પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને મદદ કરનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પિંડવળમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૮ :** બાયફ (BAIF)ના વાડી પ્રોજેક્ટ અંતર્ગત પિંડવડ ગામે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વાડી વિકાસ, આજીવિકા અને પર્યાવરણ સંરક્ષણ વિષયક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૧૦ જેટલા વાડી લાભાર્થીઓ, સી.આર.પી. અને પ્રોજેક્ટ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતાં. મુખ્ય અતિથિ ડૉ. બી. સુચિન્દ્રા (ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, વલસાડ)એ વાડી પ્રોજેક્ટથી આદિવાસી પરિવારોના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તન અંગે માર્ગદર્શન આપ્યું હતું. મહેમાનોએ વાડી મોડેલ ખેડૂતોની આવકમાં વધારો, જમીન સુધારણા, જળ સંરક્ષણ અને ટકાઉ આજીવિકા માટે અસરકારક હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કરતાં જણાવ્યું હતું કે બાયફ અને શેલ એનર્જી ઈન્ડિયા પ્રા. લિ.ના સહયોગથી ખેતીની ઉત્પાદકતા, આવક અને જીવનસ્તરમાં નોંધપાત્ર સુધારો થયો છે. અંતે આયોજકોએ મહેમાનો અને લાભાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મોટી ઢોલડુંગરી પુસ્તકાલયને સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકોની અમૂલ્ય ભેટ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૮ :** ધરમપુરના મોટી ઢોલ ડુંગરીની ગ્રામ પંચાયત તથા રેનબો વૉરિઅરના ઉપક્રમે વાંચન કુટીરને સ્પર્ધાત્મક પરીક્ષા પુસ્તક અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. વાંચન સંસ્કૃતિ અને યુવાનોના ઉજ્જવળ ભવિષ્યને પ્રોત્સાહન આપતા એક સરાહનીય પ્રસંગે નાયબ માહિતી નિયામક વલસાડ યુ. બી. બાવીસા દ્વારા મોટી ઢોલ ડુંગરી લાઈબ્રેરીને સ્પર્ધાત્મક



પરીક્ષાઓ માટે ઉપયોગી વિવિધ પુસ્તકો અને સાહિત્ય ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા. ભેટમાં આપવામાં આવેલા પુસ્તકોમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહ, ગણિત, રીઝનિંગ, ગુજરાતી વ્યાકરણ તથા વિવિધ સરકારી ભરતી પરીક્ષાઓ માટે ઉપયોગી માર્ગદર્શિકાઓનો સમાવેશ થાય છે.રેનબો ગ્રુપ કો. ઓર્ડીનેટર શંકરભાઈ પટેલે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી બાબતે, વાચકોની જરૂરિયાત સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

યુ. બી. બાવીસાએ ગ્રામ્ય વિસ્તારોમાં જ્ઞાન અને વાંચનનો વ્યાપ વધે તેમજ યુવાનોને યોગ્ય માર્ગદર્શન અને સંસાધનો મળી રહે કલ્પેશભાઈ પટેલે વાચક મિત્રોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા આપી ગામનું નામ, સમાજનું નામ રોશન કરવા જણાવ્યું હતું. મોટી ઢોલડુંગરીના સરપંચ વિલિયમભાઈ, લાઈબ્રેરીના સંચાલકો તથા ગ્રામજનોએ આ ઉમદા સહયોગ બદલ બાવીસા, શંકરભાઈનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપી જનસેવા પાસે હજારો લિટર પાણીનો વ્યય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીમાં કેટલાક સ્થળે રોજ હજારો લિટર પાણીનો વ્યય થઈ રહ્યો હોવાનું જોવા મળી રહ્યું છે.

આ વર્ષે ચોમાસુ લંબાવા સાથે અલનીનોની અસરથી વરસાદ ઓછો પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે વાપીના ચલા જેવા વિસ્તારોમાં જ્યાં ફેબ્રુઆરી મહિનાથી બોર સુકાઈ જવા સાથે મનપાનું પીવાનું પાણી ટેકનિકલ કારણોસર પર્યાપ્ત



માત્રામાં પહોંચી શકતું ન હોય અહીંની સોસાયટીઓમાં હજારો લોકો પીવાના પાણી માટે બૂમો પાડે છે અને લાખો રૂપિયા ખર્ચી પાણીના ટેન્કર મંગાવવા મજબૂર છે.

ત્યારે વાપી નામધા સ્મશાન ભૂમિ રોડ ઉપર રામદેવ પીર મંદિરની બાજુમાંથી પસાર થતી પીવાના પાણીની લાઈન પર લગાવેલો વાલ્વ લીકેજ હોવાથી રોજ હજારો લિટર પીવાના પાણીનો વ્યય થઈ રહ્યો છે. મનપા પાણી ખાતાના અધિકારીઓ આ બાબતને ગંભીરતાથી લઈ પીવાના પાણીનો વ્યય અટકાવે તેવી લોકોની માંગ છે.

## નાનાપોંઢાના લવાછાથી પરિણીતા બે બાળકો સાથે ગુમ

**વલસાડ, તા.૧૮ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના લવાછા ગામ ખાતે અંબિકા પાર્કના એલ-૩ બિલ્ડિંગમાં રૂમ નં. ૧૦૫માં રહેતા નિરજ જયપ્રકાશ તિવારીની ૨૪ વર્ષીય પત્ની ડોલીકુમારી તા. ૦૧/૦૬/૨૬ના રોજ બપોરે ૩ થી રાત્રિના ૯ કલાક દરમિયાન કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ હતી. બનાવ અંગે ૨૮ વર્ષીય નિરંજનકુમાર મોફિલદેવ શર્મા (હાલ રહે. દિલીપભાઈની ચાલ, રૂમ નં. ૦૨, લવાછા, નાનાપોંઢા, મૂળ રહે.ગામ-શિકારપુર, થાના. મજોલીયા, જિ.પશ્ચિમ ચંપારણ, બિહાર) એ નાનાપોંઢા પોલીસ મથકે જાણ કરી હતી. પત્ની ડોલી પોતાની સાથે પાંચ વર્ષીય પુત્ર નમન નિરજ તિવારી અને ત્રણ વર્ષીય પુત્ર નૈતિક તિવારીને પણ સાથે લઈ ગઈ હતી. ડોલી શરીરે મધ્યમ બાંધો, ઘઉવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેણે સાડી પહેરી હતી. પાંચ વર્ષીય નમન ઘઉવર્ણ અને બે ફૂટ છ ઈંચ ઉંચાઈ અને નૈતિક ઘઉવર્ણ અને એક ફૂટ છ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જેઓ હિન્દી અને બિહારી ભાષા જાણે છે.

# પાણી માટે ગૃહયુદ્ધ જેવો માહોલ કેમ?

## પાણી માટે વિશ્વ યુદ્ધની વાતો વચ્ચે પાણીની અછતનાં કારણે પાડોશીઓ અને સ્થાનિક રહેવાસીઓ વચ્ચે યુદ્ધ જરૂર ચાલી રહ્યું છે



**પ્રકૃતિનો પંથ**

**મૌતિક દવે**
ગુજરાત સ્ટેટહેડ (અતુલ)
WWF

આપણી ગુજરાતી પ્રજા મહેમાનોને આવકાર અને પાડોશીઓ સાથે વાડકી વ્યવહાર માટે જાણીતી છે. પણ બદલાતાં જતાં સંજોગો અને દિવસે દિવસે વધતી જતી પાણીની સમસ્યાઓનાં કારણે લોકોનાં આડોશ-પાડોશમાં વાડકી વ્યવહારનાં સંબંધો લાકડીથી મારામારી સુધી પહોંચી ગયાં છે. જેનું મુખ્ય કારણ પીવા અને રોજિંદા વપરાશ માટેનું પાણી છે.

આપણે ત્યાં ઘણી સોસાયટીઓ, કોલોનીઓ, એપાર્ટમેન્ટ જેવાં રહેણાંક વિસ્તારમાં જોઈએ છીએ કે જ્યાં લોકોનાં એક બીજા સાથે ખૂબ જ સારા સંબંધ હોય, ભાઈચારો હોય અને સ્થાનિક લોકો એક થઈ વાર તહેવારો ભેગા મળી એક સાથે ઉજવણી કરતાં હોય, અરસપરસ ખાવા-પીવાનાં સંબંધો હોય પણ ફક્ત પાણી ની સમસ્યા નાં કારણે તેઓ એક બીજા સાથે ઝઘડો કે મારામારી થી લઈ ઘણી જગ્યાએ તો વાત એટલી હદ સુધી વણસે છેકે પોલીસ અને કોર્ટ કચેરી સુધી પહોંચી જાય છે.

આપણે ત્યાં લોકો ની સહન શક્તી સાથે સમજ શક્તી પણ ઓછી હોવાનાં કારણે સમસ્યાનાં મૂળ સુધી પહોંચી હલ લાવવાની જગ્યા એ લોકોને સ્વાર્થીપણાં, શોર્ટ કટ અને ગેર શિસ્ત આચરવી હોય છે જેનાં થી સ્થિતી વધું વણસે છે. અને તેથી જ જે બિલ્ડીંગ કે સોસાયટી માં સંપ અને સહીયારા વાતાવરણ વચ્ચે હોળી માં રેન ડાન્સ થતો હોય અને એક બીજા પર પાણીની ડોલો ભરી નંખાતી હોય ત્યાં પાણીની સમસ્યા (માનવ સર્જિત) સર્જાતાં જ એક-બીજા સામે લાકડીઓ કે હથિયાર ઉગામતાં અચકાતાં નથી. આનાથી બીજો એક ઉત્તમ દાખલો લઈએ તો, આપણે કોઈ વિસ્તારની સંસ્કારી વસ્તી વાળી સોસાયટી કે એપાર્ટમેન્ટની વાત કરીએ જ્યાં લોકો સંપ થી રહેતાં હોય, તહેવારો અને -સંગો ની ઉજવણી સાથે કરતાં હોય, એક-મેક ને તેમની બર્થ ડે, લગ્ન જેવા શુભ પ્રસંગે આમંત્રીત કરી મોંઘીદાંટ પાર્ટી આપતાં હોય, તેજ રહેણાંક વિસ્તારમાં, સોસાયટી કે એપાર્ટમેન્ટમાં પાણીની સમસ્યા આવે અને એવું નક્કી થાય કે આજથી બે ત્રણ દિવસ સુધી પાણી નથી આવવાનું અને અત્યારે જે પાણી ઉપલબ્ધ છે તેને જ દરેકે સમજી વિચારી વાપરવું. આ જાહેરાત પછી જુઓ તમે દરેક જણનું સ્વાર્થીપણું. સામાન્ય રીતે જેને ત્યાં રોજનો જેટલો પાણી નો વપરાશ હશે તેનાં કરતાં બને એટલું વધારે માં વધારે અને બે ત્રણ દિવસની જગ્યાએ અઠવાડિયાં દસ દિવસ જેટલું સ્ટોર કરવાની વ્યવસ્થા કરતાં તેઓ ને સોસાયટી/એપાર્ટમેન્ટસ માં રહેનાર પોતાનાં જ સંબંધી કે સહિયારી મુશ્કેલી નો વિચાર સુદ્ધા નહી આવે. અને આ કારણ થી બીજા રહેવાસીઓ જોડે સબંધ બગડવાની પુરી શક્યતા હોવાં છતાં સ્વાર્થી બની બને એટલું વધારે પોતેજ ભેગુ કરી લેવાની મનુષ્ય નીતિ છતી થાય છે. આવો વ્યવહાર મનુષ્ય સિવાય બીજા કોઈ પ્રાણીઓ નથી કરતાં. તેઓ પોતાની જરૂરિયાત પુરતું જ કુદરતી સંપતી (natural resources)નો ઉપયોગ કરે છે.

આપણાં રાજ્યમાં પાણીની સમસ્યા માટે મુખ્યત્વે ભૂગર્ભ જળનું ઘટતું સ્તર, અંતરિયાળ વિસ્તારોમાં ભૌગોલિક મુશ્કેલીઓ અને વધતી વસ્તીના કારણે અપૂરતું આયોજન જવાબદાર છે. ઉનાળાની ઋતુમાં ડાંગ, કપરાડા અને ધરમપુર જેવા તાલુકાઓમાં પરિસ્થિતિ વધુ ગંભીર બને છે.

**વલસાડમાં પાણીની અછત અને સંકટના મુખ્ય કારણો નીચે મુજબ છે :**

૧. અંતરિયાળ વિસ્તારોમાં ભૌગોલિક મુશ્કેલી કપરાડા (જેવા કે મોટી પલસાણ) અને ધરમપુર જેવા પહાડી અને આદિવાસી વિસ્તારોમાં પથરાળ જમીન હોવાથી ચોમાસામાં વરસાદી પાણી જમીનમાં ઉતરવાને બદલે વહી જાય છે. આ કારણે ઉનાળામાં કુવા અને બોરવેલ ખાલી થઈ જાય છે.

૨. ઘટતું ભૂગર્ભ જળ સ્તર (Groundwater depletion) વધુ પડતાં બોરવેલના ઉપયોગ અને ઔદ્યોગિક વિસ્તારો દ્વારા પાણીના અતિ-દોહનથી જળસ્તર ઝડપથી નીચે જઈ રહ્યા છે, જેના લીધે લોકોને પીવાના પાણી માટે દૂર-દૂર સુધી ભટકવું પડે છે.

૩. પીવાના પાણીના સ્ત્રોતોનું પ્રદૂષણવલસાડ અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાંથી છોડાતા પ્રદૂષિત પાણીને લીધે ભૂગર્ભ જળ દૂષિત થાય છે. ક્યારેક કૂવા અને હેન્ડપંપનું પાણી પીવાલાયક રહેતું નથી.

૪. ક્ષારયુક્ત પાણી (High TDS) નદીકાંઠાના અને દરિયાઈ પટ્ટીના વિસ્તારોમાં પાણીમાં ક્ષારનું પ્રમાણ (TDS) વધી જાય છે, જેથી લોકોને શુદ્ધ પીવાનું પાણી મળતું નથી.

૫. વસ્તીવધારો અને અપૂરતું માળખાકીય આયોજનશહેરી વિસ્તારો અને નવી બની રહેલી સોસાયટીઓમાં વસ્તી વધવાના પ્રમાણમાં પાઈપલાઈન અને જળસંગ્રહની સુવિધાઓનો વિકાસ પૂરતી ગતિએ ન થવાથી લોકોને પાણીની તંગીનો સામનો કરવો પડે છે.

૬. સૌથી મહત્ત્વ નું કારણ પ્લાસ્ટિક નો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ અને ગમે ત્યાં નાંખવાની લોકોની ટેવો નાં લીધે તે જમીનમાં વરસાદી પાણી પચવામાં અવરોધરૂપ બને છે.

૭. અન્ય મહત્ત્વનું કારણ ઠેરઠેર સોસાયટીઓ, કોલોનીઓ, એપાર્ટમેન્ટસ જેવાં રહેણાંક વિસ્તારમાં પેવર બ્લોક અને પાકા રસ્તાઓનાં કારણે જમીનમાં વરસાદી પાણી પચવાનો એરીયા ખાસ્સા પ્રમાણમાં ઘટી રહ્યો છે.

### પાણીની સમસ્યાઓ નિવારણનાં ઉપાયો

૧. વરસાદી પાણીનો યોગ્ય રીતે સંગ્રહ કરવો જેમ કે વોટર રિચાર્જ જે ભૂગર્ભ જળનાં સ્તર ઉચ્ચું લાવે છે.

૨. બોર અને કૂવાઓ રિચાર્જ કરવાં

૩. નદીઓ, તળાવોને દુષિત ન કરવાં.

૪. રોજિંદા ઘર વપરાશમાં પાણીનો બગાડ ન કરવો અને પાણી જેવાં કુદરતી સ્ત્રોતનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો.

૫. ઘરમાં વોટર પ્યોરીફાઈડમાં એક ગ્લાસ પીવાલાયક પાણી તૈયાર કરવા તે બેથી ત્રણ ગ્લાસ નકામું પાણી મશીનમાંથી બહાર કાઢે છે તેનો ગટર માં ઢોળી ન દેતાં સાફ સફાઈ કે ફ્લશ કરવામાં સદુપયોગ કરવો.

૬. ન્હાવા માટે શાવર (ફુવારા)નો ઉપયોગ ન કરો અને ડોલમાં જ પાણી લઈ જરૂર પુરતું વાપરો.

૭. ઘરે આવેલ મહેમાનને પાણી પીવું હોય એટલો જ ગ્લાસ ભરો. અને આપણે પણ હોટલ/રેસ્ટોરન્ટમાં કે લગ્ન જેવાં પ્રસંગો માં જઈએ ત્યાં પીવું હોય એટલું જ પાણી ગ્લાસમાં લેવાનો આગ્રહ રાખો.

૮. વધુ માં વધું વૃક્ષો વાવો અને તેનું જતન કરો


૯. તમારા ઘરમાં પાણીનાં નળ લિકેજ થતાં હોય તો તેને ટપકતાં જ ન રહેવાં દેતાં તાત્કાલીક રીપેર કરાવો.

૧૦. સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાનું ટાળો અને પ્લાસ્ટિકને ગમે ત્યાં ના ફેંકો અને એનો યોગ્ય નિકાલ કરો.


આપણે હમેશાં યાદ રાખવું જોઈએ કે પાણી ઉપર ફક્ત મનુષ્યનો જ હક નથી, એ અન્ય જીવો માટે પણ એટલુંજ જરૂરી છે. અને એ લોકો તો પાણી ફક્ત પીવે જ છે આપણી જેમ બીજા બધાં ઉપયોગ માટે સંગ્રહ નથી કરતાં અને તેથી જ તેઓ આપણાં કરતાં પ્રકૃતિથી વધું નજીક છે.


૧૯ જૂન વિશ્વ સિકલસેલ દિવસ

# આદિવાસીઓમાં વિશેષ જોવા મળતી સિકલસેલની બીમારી શું છે?




**લોહીના લાલ કણો અર્ધગોળ દાતરડાં આકારના તથા બરડ (સખત) થઈ જાય છે જેને "સિકલસેલ" કહેવામાં આવે છે : સિકલસેલ રોગ ધરાવતી વ્યકિતના રક્તકણો (સિકલસેલ) ૧૦ થી ૨૦ દિવસ બાદ તરત નાશ પામે છે તેનું આયુષ્ય ખૂબ ઓછુ હોય છે**



**વિજ્ઞાનજગત**



**લેખક :દીપક જગતાપ**

દરેક તંદુરસ્ત વ્યકિતના લોહીમાં લાલકણ (રક્તકણ) ગોળ, નરમ અને સ્થિતિસ્થાપક હોય છે. આ લોહીના લાલકણો પોતાના કદ કરતાં પણ નાની બારીક નસોમાંથી જયારે પસાર થાય છે ત્યારે તે લંબગોળ આકારના થઈ જાય છે અને બારીક નસમાંથી બહાર નીકળતાં તે પાછા તેનામાં રહેલા સ્થિતિસ્થાપક ગુણને લીધે ગોળાકાર થઈ જાય છે. લાલકણનો લાલ રંગ તેમાં રહેલા હિમોગ્લોબીન તત્વને લીધે હોય છે. આવા તંદુરસ્ત લાલકણમાં હિમોગ્લોબીન નામનું તત્વ સામાન્ય પ્રકારનું (નોર્મલ) હોય છે. જયારે સિકલસેલ એનીમિયા થયેલ વ્યકિતમાં હિમોગ્લોબીન અસામાન્ય પ્રકારનું હોય છે. જયારે લાલકણમાં આ પ્રકારનો ફેરફાર થાય છે. ત્યારે લાલકણ સામાન્ય રીતે ગોળ રકાબી આકારનાં તથા સ્થિતિસ્થાપક હોય છે. તે ગુણો બદલાઈને અર્ધગોળ દાતરડાં આકારના તથા બરડ (સખત) થઈ જાય છે જેને 'સિકલસેલ' કહેવામાં આવે છે. (લેટીન ભાષામાં સિકલનો અર્થ દાતરડું થાય છે.) જેથી આ પ્રકારના લાલકણો લોહીની બારીક નસોમાં ફસાઈ જાય છે. ત્યાં દુખાવો શરૂ થાય છે અને લાલકણ ઉપર વધુ દબાણ આવવાથી તે તૂટી જાય છે. પરિણામે લોહીનું પાણી થઈ જાય છે. જેને 'સિકલસેલ એનીમિયા' કહે છે. આ રક્તકણની ખામી વ્યકિતમાં રહેલા રંગસૂત્રની ખામીને લીધે થાય છે.

સામાન્ય રીતે શરીરમાં રક્તકણોનું આયુષ્ય ૧૨૦ દિવસનું હોય છે અને તે ફેફસાંમાંથી ઓકિસજન શરીરના જુદા જુદા ભાગોને પહોંચાડે છે તેમજ શરીરમાંથી કાર્બન ડાયોક્સાઈડ બહાર કાઢે છે. ૧૨૦ દિવસ બાદ તે નાશ પામે છે અને ફરીથી નવા રક્તકણો ઉત્પન્ન થાય છે. પરંતુ સિકલસેલ રોગ ધરાવતી વ્યકિતના રક્તકણો (સિકલસેલ) ૧૦ થી ૨૦ દિવસ બાદ તરત નાશ પામે છે. તેનું આયુષ્ય ખૂબ ઓછુ છે અને શરીરમાં ફરીથી જલ્દી તેટલા રક્તકણો બની શકતા નથી. આમ, સિકલસેલ એનીમિયામાં રક્તકણ અલ્પજીવી હોવાથી દર્દીમાં પાંડુરોગ જોવા મળે છે.

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંસ્થાન અનુસાર આ રોગનો વ્યાપ સંયુક્ત રાજ્ય અમેરિકામાં, પ્રતિ ૫૦૦૦ વ્યક્તિઓમાંથી લગભગ ૧ (એક) જેટલો છે, જે મુખ્યત્વે ઉપ સહારા આફ્રિકી વંશના અમેરિકીઓને પ્રભાવિત કરે છે.સંયુક્ત રાજ્ય અમેરિકામાં, દર ૫૦૦ અશ્વેત વ્યક્તિઓના જન્મમાંથી ૧ (એક) વ્યક્તિને સિકલ-સેલ રક્તાલ્પતાનો રોગ હોય છે.

**સિકલસેલ એનીમિયા રોગનાં લક્ષણો :**

શરીર ફિક્કું પડી જવું.શરીરમાં કળતર થવી. હાથ-પગમાં દુ:ખાવો થવો, હાથ-પગનાં સાંધામાં સોજો આવવો. કમ્મરમાં દુ:ખાવો થવો. વારંવાર તાવ આવવો. પાંડુરોગ થવો.

વારંવાર કમળો થવો. બરોળ મોટી થવી.પેટમાં દુ:ખાવો થવો. યકૃત (લીવર) પર સોજો આવવો. મૃત્રાપિંડમાં બગાડ થવો. પિત્તાશયમાં પથરી થવી.

જયારે કોઈપણ વ્યકિતને આ પ્રકારની શારીરિક તકલીફ થતી હોય તો તેણે લોહીની સિકલસેલ એનીમિયાની તપાસ કરાવવી ખૂબ જરૂરી છે.

**સિકલસેલ એનીમિયાના પ્રકાર**

દરેક વ્યકેતને માતા-પિતા તરફથી એક એક રંગસૂત્ર મળે છે. એટલે કે દરેક વ્યકિતમાં બે રંગસૂત્ર હોય છે આ રંગસૂત્રમાં સામાન્ય પ્રકારનું Hb-A હિમોગ્લોબીન હોઈ શકે અથવા અસામાન્ય Hb-S પ્રકારનું હિમોગ્લોબીન હોઈ શકે. ટૂંકમાં, અસામાન્ય પ્રકારનું હિમોગ્લોબીન ધરાવનાર લાલકણને સિકલસેલ કહે છે. આ પ્રકારનાં રંગસૂત્રો ધરાવનાર વ્યકિત ભવિષ્યમાં પોતાના બાળકને આમાંથી કોઈપણ પ્રકારનું રંગસૂત્ર આપી શકે છે. જે સામાન્ય Hb-A અથવા અસામાન્ય Hb-S હોઈ શકે. સિકલસેલ એનીમિયાના બે -કાર છે.

**સિકલસેલ ટ્રેઈટ :**

સિકલસેલ ટ્રેઈટ એટલે કે સિકલસેલના ગુણવાળી વ્યકિત રોગના વાહક તરીકે કામ કરે છે. જેમાં અસામાન્ય હિમોગ્લોબીનનું Hb-S પ્રમાણ ૫૦ ટકાથી ઓછું હોય છે અને સામાન્ય હિમોગ્લોબીનનું Hb-A પ્રમાણ ૫૦ ટકાથી વધુ હોય છે. આથી વ્યકિતમાં સિકલસેલ રોગના ચિહ્નો કાયમ ન રહેતાં કોઈકવાર દેખાતા હોય છે. છતાં તેઓ પોતાના બાળકોમાં આ રોગ વારસામાં આપી શકે છે.

**સિકલસેલ ડીસીઝ :**

આ રોગમાં અસામાન્ય ણ્ણુ-૯ હિમોગ્લોબીનનું પ્રમાણ ૫૦ ટકાથી વધુ જે લગભગ ૮૦ ટકા જેટલું હોય છે. તથા સામાન્ય હિમોગ્લોબીન ગેરહાજર જ હોય છે. આવી વ્યકિતમાં સિકલસેલ રોગના લક્ષણો કાયમ રહે છે. જેથી તેના શરીરનો વિકાસ રૂંધાય છે. આવી વ્યકિત પોતાના બાળકને આ રોગ ચોક્કસપણે આપે છે.

માતા દર મહિને એક અંડકોષ બનાવે છે. તેમાં રંગસૂત્ર સામાન્ય અથવા અસામાન્ય બેમાંથી એક જ હોઈ શકે પરંતુ આ અંડકોષમાં કયા પ્રકારનું રંગસૂત્ર છે તે આપણે જાણી શક્તા નથી. તે પ્રમાણે પિતાના વીર્યમાં એક વીર્યકોષ હોય છે. તેના અડધા વીર્યકોષમાં એક રંગસૂત્ર અને બીજા અડધામાં બીજું રંગસૂત્ર હોઈ શકે છે. જો પિતા સામાન્ય હિમોગ્લોબીનવાળા હોય તો બધા જ વીર્યકોષોમાં સામાન્ય રંગસૂત્ર હોય છે. પરંતુ સિકલસેલ ટ્રેઈટવાળા હોય તો અડધા વીર્યકોષમાં સામાન્ય અને અડધામાં અસામાન્ય રંગસૂત્ર હોય છે. પરંતુ પિતા જો સિકલસેલ ડીસીઝ (રોગ) વાળા હોય તો બધા જ વીર્યકોષો અસામાન્ય રંગસૂત્રવાળા હોય છે.

**સિકલસેલ એનીમિયા રોગ વારસામાં કઈ રીતે મળે છે?**

જો માતા અને પિતામાં સિક્લસેલના ગુણ અથવા સિક્લસેલનો રોગ ન હોય તો તેમના બાળકોમાં આ રોગ થતો નથી.એટલે કે સામાન્ય હિમોગ્લોબીન ધરાવતા માતા-પિતાના બાળકોને આ રોગ થતો નથી અને બાળકોમાં સામાન્ય હિમોગ્લોબીન જ વારસામાં મળે છે.

જયારે માતા અથવા પિતા બેમાંથી કોઈપણ એક વ્યકિત સિકલસેલ ટ્રેઈટવાળી હોય તો ૫૦ ટકા બાળકોને સિકલસેલ ટ્રેઈટ હોવાનો અને ૫૦ ટકા બાળકો સામાન્ય હોવાની શકયતા રહે છે.પરંતુ આમાં કોઈપણ બાળકને સિકલસેલ ડીસીઝ થતો નથી.

જો માતા અને પિતામાંથી કોઈપણ એક વ્યકિત સિકલસેલ ડીસીઝવાળી અને બીજી વ્યકિત સામાન્ય હોય તો ૧૦૦ ટકા એટલે કે બધા જ બાળકોને સિકલસેલ ટ્રેઈટ થઈ શકે પરંતુ સિકલસેલ ડીસીઝ થતો નથી.

જો માતા અને પિતા બન્ને સિકલસેલ ટ્રેઈટવાળા હોય તો તેમના ૫૦ ટકા બાળકોને સિકલસેલ ટ્રેઈટ, ૨૫ ટકા બાળ કોને સિકલસેલ ડીસીઝ અને ફક્ત ૨૫ુ સામાન્ય બાળકો થવાની શકયતા રહે છે.

જો માતા અને પિતા બન્નેમાંથી એક ડીસીઝવાળી અને એક વ્યકિત ટ્રેઈટવાળી હશે તો તેમના ૫૦ ટકા બાળકો ડીસીઝવાળા હશે અને ૫૦ ટકા બાળકો ટ્રેઈટવાળા હશે.

જો માતા અને પિતા બન્ને સિકલસેલ ડીસીઝવાળા હોય તો ૧૦૦ ટકા એટલે કે બધાં જ બાળકો સિકલસેલ ડીસીઝવાળા જ હોય છે.

**સિકલસેલ એનીમિયાવાળી વ્યકિતએ શું ન કરવું જોઈએ?**

વધારે ગરમીમાં કે તડકામાં બહાર ન નીકળવું.વધારે ઊંચાઈવાળા પહાડો કે હીલ સ્ટેશન પર ન જવું. વધારે ઠંડીમાં બહાર ન નીકળવું. વરસાદમાં કે ઠંડા પાણીમાં પલળવું નહીં.વધુ શારીરિક શ્રમવાળી કસરતો ન કરવી.

શરાબ તથા કેફી દ્રવ્યોનું સેવન કે ધૂમ્રપાન ન કરવું.

**સિકલસેલ એનીમિયા રોગના દર્દીઓએ કયા પ્રકારની કાળજી રાખવી જોઈએ?**

આ રોગ વારસાગત હોવાથી સંપુર્ણપણે મટાડી શકાય એવી કોઈ દવા નથી પરંતુ સારી સારવારથી વ્યકિત કષ્ટરહિત અને લાંબુ જીવન જીવી શકે છે. દિવસમાં શકય એટલું વધારે પાણી પીવું. ઓછામાં ઓછું ૧૦ થી ૧૫ ગ્લાસ પાણી પીવું.નિયમિત ફોલિક એસિડની (૫ મિલિગ્રામ) ગોળી લેવી, જે લોહીમાં નવા લાલકણ બનાવવામાં મદદરૂપ બનશે. પરિણામે એનીમિયા (પાંડુરોગ) ઓછો કરશે.

ઝાડા-ઉલટી, પરસેવા મારફત વધારે પાણી શરીરમાંથી વહી જાય તો તરત ડૉકટરને બતાવવું.કોઈપણ તકલીફ થાય તો ડૉક્ટરનો સંપર્ક કરવો.


સમતોલ આહાર લેવો. લીલાં શાકભાજી, લીલા પાંદડાવાળા શાકભાજી, દરેક સીઝનના ફળો વધુ ખાવા. કઠોળમાં સોયાબીનનો ઉપયોગ વિશેષ કરવો. માંસાહારમાં ચીકન, ઈંડા લઈ શકાય છે.

દરરોજ ૭ કલાકની ઊંઘ જરૂરથી લેવી. ઉજાગરા કરવા નહીં. લોહીમાં ઓકિસજનનું પ્રમાણ વધારવા પ્રાણાયામ કરવા. વધુ ઠંડીમાં મફલર / સ્વેટર અવશ્ય પહેરવા. દુ:ખાવા માટે જરૂર પડે ત્યારે દર્દશામક ગોળી દુ:ખાવો મટે ત્યાં સુધી લેવી. કોઈપણ દવા ડોક્ટરની સલાહ પ્રમાણે જ લેવી. નિયમિત દર ત્રાણ મહિને રકત પરિક્ષણ કરાવવું. જેમાં હિમોગ્લોબીનની ટકાવારી અને શ્વેતકણોની સંખ્યા જાણવી. દર ૧૫ દિવસે ફેમિલી ડૉક્ટર પાસે તપાસ કરાવવી જરૂરી છે.

જો વ્યકિતને વારંવાર કમળો થતો હોય, લોહીનું પાણી થતું હોય, સાંધાનો દુ:ખાવો થતો હોય કે ચહેરા પર ફિક્કાસ લાગતી હોય તો લેબોરેટરીમાં લોહીની તપાસ અવશ્ય કરાવો.

દર્દીએ લોહતત્વની ગોળીઓ લેવી નહીં, તે વિપરીત અસર કરે છે અને ગંભીર પરિણામો આવી કે છે.

# ધરમપુરની શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠને GUJCOST તરફથી IP સેલની મંજૂરી



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ઈન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટી (IP) સેલની મંજૂરી મળતા દક્ષિણ ગુજરાતમાં સંશોધન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને નવી દિશા મળી છે. પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના સર્વાંગી શિક્ષણના વિઝનથી પ્રેરિત વિદ્યાપીઠમાં કાર્યરત આ IP સેલ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોને તેમના નવા વિચારો, સંશોધન અને શોધને પેટન્ટ, ટ્રેડમાર્ક તથા કૉપિરાઈટ જેવા કાનૂની અધિકારો દ્વારા સુરક્ષિત કરવા માટે માર્ગદર્શન અને સહાય પૂરી પાડશે.

તાજેતરમાં વર્લ્ડ ઈન્ટેલેક્ટ્યુઅલ -ોપર્ટી ડે-૨૦૨૬ નિમિત્તે "IP and Sports: Ready, Set, Innovate!" થીમ હેઠળ વેબિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તા કિર્તિકુમાર એમ. પટેલે રમતગમત ક્ષેત્રમાં ઈન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટીના મહત્વ અને નવી શોધને કાનૂની સુરક્ષા આપવાના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ વેબિનારમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આશરે ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓ, સંશોધકો, ફેકલ્ટી સભ્યો અને ઉદ્યોગ ક્ષેત્રના વ્યાવસાયિકોએ ભાગ લીધો હતો. વિદ્યાપીઠની આ પહેલ દક્ષિણ ગુજરાતમાં શિક્ષણ, સંશોધન, ઈનોવેશન અને સ્કિલ ડેવલપમેન્ટને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# દ.ગુ. યુનિ.ના બાયો સાયન્સ વિભાગમાં BLMS અભ્યાસક્રમ શરૂ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ના બાયોસાયન્સ વિભાગ દ્વારા આરોગ્ય ક્ષેત્રમાં કુશળ માનવબળ તૈયાર કરવાના હેતુથી બેચલર ઓફ મેડિકલ લેબોરેટરી સાયન્સ (BLMS) અભ્યાસક્રમ શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અભ્યાસક્રમ National Commission for Allied and Healthcare Professions (NCAHP) તથા ગુજરાત સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ (GSAHC)ની માર્ગદર્શિકા મુજબ અમલમાં મૂકવામાં આવશે. બાયોસાયન્સ વિભાગમાં સુસજ્જ પ્રયોગશાળાઓ, આધુનિક સંશોધન સુવિધાઓ તેમજ ICMR માન્યતા પ્રાપ્ત RT-PCR લેબોરેટરી ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર પ્રાયોગિક તાલીમ મળી શકશે. અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં માન્યતા પ્રાપ્ત હોસ્પિટલો અને ડાયગ્નોસ્ટિક કેન્દ્રોમાં ફરજિયાત ઈન્ટર્નશિપની પણ જોગવાઈ કરવામાં આવશે. BLMS પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે સરકારી અને ખાનગી હોસ્પિટલો, ડાયગ્નોસ્ટિક લેબોરેટરીઓ, બ્લડ બેન્ક, મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ લેબ, જાહેર આરોગ્ય પ્રયોગશાળાઓ, સંશોધન સંસ્થાઓ તેમજ બાયોટેક્નોલોજી ઉદ્યોગોમાં કારકિર્દીની ઉજ્જવળ તકો ઉપલબ્ધ રહેશે. અભ્યાસક્રમની અંદાજિત ફી દર સેમેસ્ટરે આશરે રૂ.૩૫,૦૦૦ રહેશે. પ્રવેશ પ્રક્રિયા ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS) પોર્ટલ મારફતે કરવામાં આવશે. વધુ માહિતી માટે બાયોસાયન્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, ફોન ૦૨૬૧-૨૨૦૩૧૨૫ નો સંપર્ક કરી શકાય છે.

**દમણગંગા ટાઇમ્સ**

દર શુક્રવારે પ્રકાશિત થતાં વિજ્ઞાન વિભાગમાં વિજ્ઞાન શિક્ષકો, વિદ્યાર્થીઓ કે અન્ય જીજ્ઞાસુઓ વિજ્ઞાન વિષયક સમાચારો, પોતાના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના ટૂંકા લેખો, સાયન્સ પ્રોજેક્ટ કે જનરલ નોલેજની વિગતો પોતાના નામ-સરનામા સાથે લખીને મોકલી શકે છે.

**સંપર્ક: સંપાદક, દમણગંગા ટાઈમ્સ, વિજ્ઞાન વિભાગ**
**ને.હા.નં.૮ દમણગંગા ટાઈમ્સ કાર્યાલય,વાપી**

# વર્ષા પરિસંવાદો બંધ કરવા વિજ્ઞાન જાથાની અપીલ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

રાજકોટ દેશ અને દુનિયાએ વિજ્ઞાન, ટેકનોલોજી અને નેનોની મદદથી અસાધારણ પ્રગતિ કરી છે. ત્યારે ૨૧મી સદીમાં પણ પરંપરાના નામે અંધશ્રદ્ધા ફેલાવતા - અવૈજ્ઞાનિક વર્ષા પરિસંવાદો કાયમી ધોરણે બંધ કરવા માટે ભારત જન વિજ્ઞાન જાથાની - રાજ્ય કચેરી દ્વારા એક અપીલ કરવામાં આવી છે. જૂનાગઢ ખાતે યોજાયેલા વર્ષા વિજ્ઞાન પરિસંવાદમાં આગાહીકારો દ્વારા કરવામાં આવેલા વરસાદના વરતારાઓનું પ્રથમ ચરણમાં જ કડડભૂસ થઈને કરૂણ રકાસ થયો છે, જેથી જાથા દ્વારા આ વરતારાની જાહેરમાં હોળી કરી સત્યહકીકત ઉજાગર કરવામાં આવશે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાએ જણાવ્યું છે કે, જૂનાગઢ પરિસંવાદમાં આગાહીકારોએ મે મહિનાના અંતમાં (૨૫ થી ૨૯ મે દરમિયાન)અરબી સમુદ્રમાં હવાનું દબાણ દબાણ સર્જાવાના કારણે સાયકલોનિક વન સાથે પ્રિ-મોન્સુન એકિટવિટી શરૂ થવાની અને ૬ જૂનથી ૧૧ જૂન વચ્ચે રાજ્યમાં પ્રથમ વાવણીલાયક વરસાદ થવાની આગાહી કરી હતી, જે સંપૂર્ણ ખોટી પડી છે.

આગાહીકારો મુજબ સમગ્ર સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છમાં ૧૩ જૂનથી ૨ blocks જૂન દરમિયાન વાવણી પૂર્ણ થઈ જશે અને સરેરાશ ૪૮ થી ૫૦ ઈંચ (આશરે ૭૫ ટકા એટલે કે ૧૦-૧૦થી ૧૨ આની જેટલો મધ્યમ વરસાદ) પડશે. આ પરિસંવાદમાં ૧૪ અવલોકનકારોએ વર્ષ ઘણું સારું અને ૨૭ અવલોકનકારોએ મધ્યમ રહેવાની સંભાવના દર્શાવી હતી. કુલ ૪૭ આગાહીકારોએ આવા ધડમાથા વગરના વસ્તારા કર્યા છે જે શરમજનકુ છે. એડવોકેટ પંડ્યાએ વધુમાં ઉમેર્યું કે, વરતારા કરનારાઓ પાસે વિજ્ઞાનની કસોટીમાં પાસ થાય તેવું એક પણ વૈજ્ઞાનિક ઉપકરણ, સિદ્ધાંત કે પ્રયોગસિદ્ધ સાધનો નથી.વરતારા કરનારાઓમાં ક્યારેય એકસૂત્રતા હોતી નથી અને તેમનો પાયો જ અસત્ય પર ટકેલો છે. વર્ષો પૂર્વેના આદિજ્ઞાન અને રૂઢિગત માન્યતાઓ જેમ કે ભડલી-ફડલી, લોકવાયકા, હોળીની જાળ, જાળ, અખાત્રીજનો પૂવન, નક્ષત્ર, મેઘમાયા, દનૈયો, ટીટોડીના ઈંડા, કાગડાનો પૂર્વ દિશામાં માળો, પ્રાણી - વનસ્પતિના લક્ષણો અને જ્યોતિષ (આધારિત આધ ફળકથનો સતત ખોટા પડી રહ્યા છે. ઋતુચક્ર અને વિષુવવૃત્તના પટ્ટા પર વાતાવરણમાં ધરખમ કરફારો થયા છે, ગરમી વધી છે અને પૃથ્વી રાત્રે ઠંડી થવાના પ્રમાણમાં પણ ફેરફારો નોંધાયા છે. આવા સમયે જૂના પુરાણા વળગણને વળગી રહેવું તે નવું ગાંડપણ અને લોકોને પછાત રાખવાનું ષડયંત્ર છે. જો ક્યારેક તે ખોટી પડે તો પણ ટીવી માધ્યમો દ્વારા તેના પ્રયોગસિદ્ધ કારણો જનસમાજને બતાવી શકાય છે. પૃથ્વી પર અતિવૃષ્ટિ, દુષ્કાળ, વાવાઝોડું કે ભૂકંપ કુદરતી નિયમો અને પ્રાકૃતિક કારણાસર આવે છે જેમાં અનેક પરિબળો સમાયેલા છે.

વરતારા કાયમી બંધ થઈ જાય તો સમાજ કે ખેડૂતોને કશું જ નુકસાન થવાનું નથી. આ અવૈજ્ઞાનિક આગાહીઓ પર આવવું સરકારનું કોઈ નિયંત્રણ કે કાયદો ન હોવાથી અમુક શખ્સો સસ્તી પ્રસિદ્ધિ મેળવવા ગપગોળા ચલાવે છે. જાથાએ પડકાર ફેંક્યો છે કે આગાહીકારોએ સોગંદનામા ઉપર વરતારા કરીને તેની ચકાસણી માટે આગળ આ જોઈએ. વાસ્તવિકતા એ છે કે સૂર્ય દક્ષિણમાંથી ઉત્તરમાં ગતિ કરે તે ઉત્તરાયણની સાચી તારીખ ૨૨ ડિસેમ્બર છે, પરંતુ આપણે હજી પણ પરંપરાગત ૧૪ જાન્યુઆરીને વળગી રહ્યા છીએ. હવામાનશાઓના વિજ્ઞાન સાથે વરતારાના અવિજ્ઞાનને સરખાવવું એ જડતાની નિશાની છે.

વિજ્ઞાન જાથાના જણાવ્યા મુજબ, છેલ્લા ૨૫ વર્ષથી વરતારા ખોટા પડવાનો આ ક્રમ ચાલુ રહ્યો છે. આથી, આગામી તારીખ ૨૨થી તારીખ ૩૦ જૂન સુધી રાજયના જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય ક્લાએ આવરતારાઓનો વિરોધ પ્રદર્શિત કરવા અને વર્ષા પરિસંવાદો બંધ કરાવવા જાથાના કાર્યકરો તેમજ સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા વિવિધ કાર્યક્રમો આપવામાં આવશે. આવિચારધારા સાથે સંમત નાગરિકોને મોબાઈલ નંબર ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા ભારત જન વિજ્ઞાન જાથાની યાદીમાં જણાવાયું છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: દુકાન નં.૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269


### યુઆઈએ દ્વારા સમીક્ષા કરાઈ

# ઉમરગામ જીઆઈડીસીમાં આધુનિક હોસ્પિ.નું નિર્માણ તેજ ગતિએ શરુ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** ઉમરગામ જીઆઇડીસી ખાતે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (યુઆઈએ) અને વિવિધ દાતાઓના સહયોગથી નિર્માણાધીન આધુનિક અને સુવિધાસંપન્ન હોસ્પિટલનું કાર્ય તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. હોસ્પિટલના નિર્માણ કાર્યની પ્રગતિની સમીક્ષા કરવા માટે યુઆઈએ પ્રમુખ અશોકભાઈ ગુપ્તા તથા ટ્રેઝરર રત્નેશ્વર ચોરસિયાની ઉપસ્થિતિમાં નિર્માણ કાર્ય સાથે સંકળાયેલા અધિકારીઓ અને એજન્સીના પ્રતિનિધિઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન હોસ્પિટલના બાંધકામની હાલની સ્થિતિ, વિવિધ વિભાગોમાં ઉભી થનારી સુવિધાઓ, દર્દીઓ માટે ઉપલબ્ધ થનારી આધુનિક આરોગ્ય સેવાઓ તેમજ બાકી રહેલી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. હોસ્પિટલનું નિર્માણ ગુણવત્તાપૂર્વક અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો પણ આપવામાં આવ્યા હતાં.

સમીક્ષા બેઠક બાદ યુઆઈએ પ્રમુખ અશોકભાઈ ગુપ્તાએ જણાવ્યું હતું કે ઉમરગામ અને આસપાસના વિસ્તારોના નાગરિકોને ઉત્તમ આરોગ્યસુવિધાઓ મળી રહે તે હેતુથી આ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

તેમણે હોસ્પિટલના નિર્માણમાં સહયોગ આપનાર તમામ દાતાઓનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે હોસ્પિટલ વહેલી તકે કાર્યરત બને તે માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

હોસ્પિટલ કાર્યરત બન્યા બાદ ઉમરગામ જીઆઈડીસી વિસ્તાર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને ગુણવત્તાસભર અને આધુનિક આરોગ્યસેવાઓનો લાભ મળશે, જેના કારણે સ્થાનિક સ્તરે સારવારની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સંજાણ ગ્રા.પં. સામે પાણીની પાઇપમાં લીકેજથી પાણીનો વ્યય

## દુકાનદારો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં સમારકામ કરાયું નથી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** જળએ જીવન છે, પાણીની બચત કરવા અને પાણીનો ખોટો વેડફાટ ન થાય તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી વારંવાર ટકોર કરતા જોવા મળે છે.

હાલ ઉનાળાના સમયમાં તાલુકામાં પાણીની તંગી વર્તાઈ રહી છે. સંજાણ ગ્રામ પંચાયત વિસ્તારના મુખ્ય બજારમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીનો વ્યય થતો જોવા મળે છે. સ્થાનિક વિસ્તારના દુકાનદારો દ્વારા ગ્રામ પંચાયતને તે અંગે જાણ કરવા છતાં સમારકામ કરાયું નથી. સંજાણ ગ્રામ પંચાયતમાં દીવા તળે અંધારા જેવી સ્થિતિ હોય એવું પ્રતીત થઈ રહ્યું છે.

પાણીનો બગાડ ન થાય અને દુકાનદારોએ વેચવી પડતી હાલાકી નો અંત આવે તે માટે ગ્રામ પંચાયત દ્વારા ત્વરિત ધોરણે પાઈપલાઈનનું સમારકામ હાથ ધરાય તે જરૂરી.



# સરીગામ ચાર રસ્તાનું ગરનાળું ચિકન વેસ્ટની ડમ્પીંગ સાઇટ બન્યું

## ૨૦૦ મીટરે જીપીસીબી અને નોટીફાઈડની કચેરી છતાં કાર્યવાહી નહીં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** ભીલાડથી ફણસા જતા સ્ટેટ હાઈવે પર સરીગામ જીઆઈડીસી ફણસા રોડ ચાર રસ્તાના ગરનાળા પાસે ફણસા, કનાડુ, કરજગામ, કાલય, પાલી કરમબેલી, સરીગામ તથા અન્યો વિસ્તારમાં આવેલા ચિકન શોપ દ્વારા પ્રતિરોજ નિકળતો વેસ્ટ ઠાલવવામાં આવી રહ્યા છે. જે વેસ્ટ કૂતરા ઉઠાવી જઈ ખુલ્લામાં છોડી રહ્યા છે. ગરનાળામાં પાણીનો સંગ્રહ રહેતા તેમાં ફેલાવામાં આવતો ચિકનનો વેસ્ટથી ભારે દુર્ગંધ આવી રહી છે.

આ માર્ગ પરથી સવારથી જ સરીગામ લક્ષ્મી સ્કૂલ, કેડીબી સ્કૂલ, સ્વામિનારાયણ સ્કૂલના સેંકડો વિધાર્થીઓની અવરજવર ચાલુ થઈ જાય છે, સરીગામના કંપની સંચાલકો તથા હજારોની સંખ્યામાં કામદારો આ માર્ગ પરથી એક્મોમાં પહોંચી રહ્યા છે. અહીં ગરનાળા પાસે પૂર્વ અને પશ્ચિમ ભાગમાં એકમો આવેલા છે. જેમાં સેંકડો કામદારો કામ કરી રહ્યા છે. ગરનાળાની ૧૦૦ મીટરના અંતરે શોપિંગો આવેલી છે. જ્યારે ૨૦૦ મીટરના અંતરે જીપીસીબી અને સરીગામ નોટીફાઈડની કચેરી આવેલી છે.

ગુજરાતમાં હાલમાં સ્વછતા અભિયાન મિશન ચાલી રહ્યું છે. સરીગામ જીઆઈડીસીમાં પણ સ્વછતા અભિયાનનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જે માત્ર ફોટા સેશન પૂરતો સીમિત રહ્યો હોય તેવું આ દશ્ય પરથી લાગી રહ્યું છે.

# નારગોલ બારીઆ સમાજ શિક્ષણ વિભાગ દ્વારા નોટબૂક વિતરણ મેળો યોજાયો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** નારગોલ બારીઆ સમાજ દ્વારા છેલ્લા ૩૧ વર્ષથી ધોરણ ૪થી ૧૦માં અભ્યાસ કરતા તેજસ્વી વિધાર્થીઓને વિનામૂલ્યે નોટબુક વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં આ વર્ષે સમગ્ર ઉમરગામ તાલુકાના વિદ્યાર્થીઓને પણ ખુબજ રાહત દરે નોટ બુક મળી રહે તે માટે નોટ બુક મેળો અને કારકિર્દી સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંમાં સ્ટેશનરીના પ્રોપાઈટર પરેશભાઈ તેમજ રાકેશભાઈ બારીઆ સરોંડા વાળાનો સહયોગ રહ્યો હતો. એંકર તરીકે શિક્ષક વિકાસ તરૈયાએ અદ્ભભૂત માર્ગદશન પૂરું પાડ્યું હતું. આ સેમિનારના ભાગ લેનાર વિધાર્થીઓને નોટબુક તેમજ પેન એક નનામી દાતા તરફથી આપવામાં આવી હતી. શિક્ષણ વિભાગના પ્રમુખ જયેશ બારીઆ માજી સરપંચે જણાવ્યું કે આખા વર્ષ દરમિયાન શિક્ષણને વધુ વેગ મળી રહે તે માટે ચાર જેટલા પોગ્રામનું આયોજન કરવામાં આવશે. આ પ્રોગ્રામમાં સમાજના પ્રમુખ કિરણભાઈ, શિક્ષણ વિભાગના માજી પ્રમુખ મનુભાઈ, માજી પ્રમુખ સુરેશભાઈ, અમૃતભાઈ તેમજ સમાજના અગ્રણીએ હાજરી આપી હતી. સેમિનારનું સંચાલન ડો. પંકજભાઈ તેમજ ચિરાગભાઈ તેમજ જીગરભાઈએ કર્યું હતું.

દર ગુરુવારે પૂ.શ્રી જલારામ બાપાનો સદાવ્રત ચાલતો હોય મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રમુખ જયેશભાઈએ તમામનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે આવા શિક્ષણ જાગૃતિ માટે દરેક સમાજે આયોજન કરવું જોઈએ.

# પુનાટના અખંડાનંદ આશ્રમમાં ધાર્મિક મહોત્સવ સંપન્ન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** ઉમરગામ તાલુકાના પુનાટ સ્થિત અખંડાનંદ આશ્રમ તથા વચ્છરાજ ગીર ગૌશાળામાં પુરૂષોત્તમ માસ નિમિત્તે ભવ્યાતિભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આશ્રમના સંચાલક અને માર્ગદર્શક મહંત અખંડાનંદ સરસ્વતીના પાવન સાન્નિધ્યમાં તા.૧૭ મે ૨૦૨૬થી ૧૫ જૂન ૨૦૨૬ દરમિયાન લક્ષ્મીનારાયણ મહાયજ્ઞ યોજાયો હતો. મહાયજ્ઞ દરમિયાન દરરોજ જુદા જુદા દંપતિઓએ યજમાનપદે બેસી યજ્ઞમાં આહુતિ અર્પણ કરી ભગવાન લક્ષ્મીનારાયણના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં. ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે ભક્તોએ ભક્તિભાવપૂર્વક વિવિધ ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો.

આ ઉપરાંત તા.૧ જૂનથી ૭ જૂન દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કથાના પ્રસંગે મુંબઈ, વાપી, ભીલાડ, ઉમરગામ અને વલસાડ સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો, મહિલા મંડળો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતાં. કથાના માધ્યમથી ભક્તોએ આધ્યાત્મિક જ્ઞાન અને ભક્તિરસનો લાભ લીધો હતો. સમગ્ર મહોત્સવ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન અને સત્સંગના આયોજનથી આશ્રમ પરિસર ભક્તિમય બન્યું હતું. મહોત્સવના સફળ આયોજન બદલ આશ્રમ ટ્રસ્ટ અને સેવકોની ભક્તજનો દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

# સરીગામની આર.એન. અગ્રવાલ રોટરી હોસ્પિ.માં બ્લડ સ્ટોરેજ યુનિટનો શુભારંભ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** રોટરી ક્લબ ઓફ સરીગામના ગ્લોબલ ગ્રાન્ટ પ્રોજેક્ટ હેઠળ એન આર અગરવાલ રોટરી હોસ્પિટલ સરીગામ ખાતે તા.૧૬ જુન ૨૦૨૬ સોમવારના દિવસે બ્લડ સ્ટોરેજ યુનીટનો. શ્રી કૌશલ એન.દેસાઈ (MD & Chairman..Apar industries Ltd.) ના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હોસ્પિટલમાં આ સુવિધા વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી ઉપલબ્ધ થવાથી સરીગામના આજુબાજુના વિસ્તારના લોકોને લોહીની જરૂરીયાત સમયે વાપી, વલસાડ સુધી નહીં જવું પડે. ઉમરગામ તાલુકામાં માત્ર અહીં જ આ સુવિધા ઉપલબ્ધ થવાથી લોકોને આ સુવિધા નો લાભ મળશે. આ સમગ્ર પ્રોજેક્ટ રોટરીની ગ્લોબલ ગ્રાન્ટ દ્વારા થયો હતો. જેમાં રોટરી ક્લબ ઓફ બોમ્બે પીઆરનાં પ્રમુખ રોટે. નુપુર દેસાઈ અને રોટરી ક્લબ ઓફ charlotte hall USA નાં Ro ઈલા શાહનો સહકાર મળ્યો હતો. આ પ્રોજેક્ટ સફળતા માટે રોટરી ક્લબ ઓફ સરીગામ ડો.આશીષ આરેકર અને એમની ટીમની ખુબ જ મહત્વ ની કામગીરી રહી હતી. આજના આ પ્રસંગે રોટરી પ્રમુખ રો.ડો.જાન્હવી આરેકર, ક્લબ સેક્રેટરી રો.મૌલીક મોદી, ટ્રસ્ટ પ્રમુખ રો.ડો. સુરેન્દસીહ પરમાર, સેક્રેટરી વિરેન્દ્ર ભટ્ટ તથા ટ્રસ્ટીઓ ક્લબના સભ્યો હાજર રહ્યા હતાં.

તમામ કાયદાકીય પ્રક્રિયા પછી આ બ્લડ સ્ટોરેજ યુનીટ બે મહિનામાં ચાલું થઈ જશે.

# સરીગામમાં ૭૫ યુવાનોને કૌશલ્ય તાલીમ પૂર્ણ થતા પ્રમાણપત્ર અપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** સરીગામ ખાતે કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડ અને શ્રીમદ્દ રાજચંદ્ર સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૩ આદિવાસી ગામોના ૭૫ યુવક-યુવતીઓને કૌશલ્ય વિકાસ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ પ્રમાણપત્રો અને ન્ત્સાહક કિટનું વિતરણ કરાયું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય ગ્રામીણ અને આદિવાસી યુવાનોને આત્મનિર્ભર બનાવવાનો છે.આ તાલીમમાં યુવાનોને ડિજિટલ સાક્ષરતા, ટેકનિકલ જ્ઞાન અને રોજગારલક્ષી કૌશલ્યો શીખવવામાં આવ્યા હતાં. આનાથી તેમને રોજગારી અને સ્વરોજગારીની વધુ સારી તકો મળી શકશે. સમારોહમાં સ્થાનિક અગ્રણી રાકેશભાઈ, સરીગામના સરપંચ સહદેવભાઈ, કોરોમંડલ ઈન્ટરનેશનલના પ્રોડક્શન હેડ કમલેશ પ્રજાપતિ અને સાઈટ સીએસઆર હેડ વિનીત પાંડે સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. મહાનુભાવોએ યુવાનોની મહેનત, શિસ્ત અને સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે આધુનિક યુગમાં ડિજિટલ અને ટેકનિકલ કૌશલ્યોને વ્યક્તિગત વિકાસ અને આર્થિક સ્વતંત્રતા માટે અત્યંત જરૂરી ગણાવ્યા હતાં. કાર્યક્રમમાં યુવતીઓની નોંધપાત્ર ભાગીદારીને સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રેરણાદાયી ગણાવવામાં આવી હતી. આ પ્રસંગે કોરોમંડલના એચઆર હેડ મિથિલેશ ઝા, શ્રીમદ રાજચંદ્ર સંસ્થાના મિહિરભાઈ અને અન્ય વોલેન્ટિયર્સ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમના અંતે તમામ ૭૫ તાલીમાર્થીઓને સત્તાવાર પ્રમાણપત્રો એનાયત કરાયા હતાં. તેમના ભવિષ્યના અભ્યાસ અને કારકિર્દીમાં ઉપયોગી બને તે હેતુથી બેગ, પેન ડ્રાઈવ અને પેન ધરાવતી વિશેષ કિટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઉમરગામ તાલુકા અને શહેર ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા ભાજપ પ્રમુખ ડો. નીરવ શાહ, ઉમરગામ તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાતએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની કામગીરીને બેદાવી સૌથી વધુ સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન તરીકેના કાર્યકાળ બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

ઉમરગામ તાલુકા અને શહેર ભાજપ દ્વારા કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરગામ કાલભૈરવ મંદિર ખાતે વહેલી સવારે સફાઈ અભિયાન શરૂ કરી સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સૂત્રને સાર્થક કર્યું હતું. ત્યારબાદ સાંજે શ્રી કાળભૈરવ ભગવાન અને રાણીવાલા હનુમાન દાદાના મંદિરે આરતી કરી હતી. ઉમરગામ શહેર ભાજપ દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર તેમજ વિવિધ મંદિરોમાં આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી ભારતના ચૂંટાયેલા વડા-ધાન તરીકે સૌથી વધુ સમય સુધી દેશનું નેતૃત્વ કર્યું તે બદલ ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા ભાજપ પ્રમુખ ડો. નીરવ શાહ, તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાતએ તેઓના કાર્યકાળ દરમિયાન થયેલા કાર્યોને બિરદાવી વૈશ્વિક કક્ષાએ ભારતને ગૌરવ પ્રદાન કર્યું તે બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને શુભકામના પાઠવી અભિનંદન આપ્યા હતાં.

### અપાર કંપનીના CSR અંતર્ગત

# ખતલવાડામાં આંગણવાડીનું લોકાર્પણ અને દેડકતળાવ સૌંદર્યકરણ કાર્યનું ખાતમુહૂર્ત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** ઉમરગામ તાલુકાના ખતલવાડા ગામે ગુરુવારના રોજ અપાર કંપની દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અંતર્ગત વિવિધ વિકાસલક્ષી કાર્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નવી આંગણવાડીનું લોકાર્પણ તેમજ દેડકતળાવના સૌંદર્યકરણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.

સાથે અપાર કંપનીના એચ.આર. હેડ કે.કે. સેટી, બલવીરસિંહ પરમાર તથા કંપનીના અન્ય અધિકારીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય ભાવિનીબેન, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ વરઠા, તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાત, ખતલવાડા ગામના સરપંચ સુરેન્દ્રભાઈ ટંડેલ, તાલુકા પંચાયતના સભ્યો, ગ્રામ પંચાયતના સભ્યો, પૂર્વ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતાં.

વક્તાઓએ જણાવ્યું હતું કે આંગણવાડીના નવા મકાનથી ગામના બાળકોને વધુ સારી શૈક્ષણિક અને પોષણલક્ષી સુવિધાઓ મળશે, જયારે દેડકતળાવના સૌંદર્યકરણથી ગામના પર્યાવરણ અને સૌંદર્યમાં વધારો થશે. ગ્રામજનોએ અપાર કંપની દ્વારા હાથ ધરાયેલા વિકાસકાર્યોને આવકારી કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો.

### મોઢવણિક સેવા સમાજ, અંધેરી (મુંબઈ) દ્વારા

# ઉમરગામની એમ.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને લંચ બોક્સ અને છત્રીનું વિતરણ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા. ૧૮ :** એમ.એમ. હાઈસ્કૂલ ઉમરગામ ખાતે તા.૧૮/૦૬/૨૦૨૬, ગુરુવારના રોજ મોઢ વણિક સેવા સમાજ, અંધેરી (મુંબઈ) દ્વારા શાળામાં અભ્યાસ કરતા નર્સરી વિભાગ તેમજ ધોરણ ૧ થી ૧૨ સુધીના અંદાજે ૨૯૦ વિદ્યાર્થીઓને લંચ બોક્સ અને ૧૬૦ છત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત -ર્થના અને દીપપ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું. શાળાના આચાર્ય અલ્પેશ પટેલે સંસ્થાનો તથા મહેમાનોનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે મોઢવણિક સેવા સમાજ, અંધેરી (મુંબઈ)ના વાઈસ પ્રેસિડન્ટશ્રી જીગ્નેશભાઈ પારેખ અને પ્રેમલભાઈ પારેખ, જોઈન્ટ સેક્રેટરી વિપુલભાઈ શેઠ અને અક્ષયભાઈ મહેતા, જોઈન્ટ ટ્રેઝરર ભાવેશભાઈ કાપડિયા તથા સભ્ય સુનિલભાઈ મજમુદાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે વિદ્યાર્થીઓને લંચ બોક્સ અને છત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શાળાના વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓનું પ્રોત્સાહક ઈનામો આપી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રસંગોચિત ઉદ્બોધનમાં મોઢ વણિક સેવા સમાજના વાઈસ પ્રેસિડન્ટ જીગ્નેશભાઈ પારેખે વિદ્યાર્થીઓને અભ્યાસ પ્રત્યે સમર્પિત રહી ઉજ્જવળ ભવિષ્ય ઘડવા પ્રેરણા આપી હતી.ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫થી મોઢ વણિક સેવા સમાજ દ્વારા દર વર્ષે શાળાના વિદ્યાર્થીઓને જીવનજરૂરી અને શૈક્ષણિક ભેટ સાતત્યપૂર્વક આપવામાં આવે છે. પ્રથમ સત્રની શરૂઆતમાં જ આ પ્રકારની ભેટ વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. કાર્યક્રમમાં ઉમરગામ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ, મંડળના સભ્યો, શાળાના સહ-આચાર્યા જેસલબેન શાહ, પ્રાથમિક વિભાગના સુપરવાઈઝર પ્રસાદ ઢાપરે, શિક્ષકમિત્રો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# અન્ય સમાચારો

Friday 19, June 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Friday 19, June 2026

## સિંહ અને મનુષ્યના સહઅસ્તિત્વ સામે પડકાર

ગીરના સિંહોનું વેકેશન એક અઠવાડિયું પાછું ઠેલાયું છે. ૧૬મી જૂનથી જંગલમાં પ્રવેશ બંધ થઈ જતો, તેને બદલે ૨૩મી જૂને આ વખતે પ્રવાસીઓનો પ્રવેશ બંધ થશે. કારણ એ છે કે, ચોમાસાંના કોઈ સગડ આકાશ કે પવનમાં દેખાતા નથી. સિંહદર્શન, ગીરનું સૌંદર્ય કે પછી ક્યાંક કોઈ રસ્તા ઉપર આવી જતા સિંહનો વીડિયો રોજિંદી બાબત છે. હમણા ફરી ગીર ચર્ચામાં રહ્યું. સિંહની બીમારી સંદર્ભે આખરે વન વિભાગે જનતાને સમજાવી દીધું કે સિંહના મૃત્યુ સીડીવી કે અન્ય કારણે થયા નહોતા, બેબેસિયા - ઈતરડીને લીધે તે બીમારી ફેલાઈ હતી. હવે જે સમસ્યા છે તે ફરી માનવભક્ષી બની રહેલા સિંહની છે. પ્રાણીઓ અને મનુષ્યોનું સહઅસ્તિત્વ ગીરના વનની વિશેષતા છે. ગીર ભૂખંડ નહીં પરંતુ એક પરંપરા છે. ગીર કે તેની આસપાસ વસતા લોકો સિંહનાં સંવર્ધન માટે શક્ય હોય ત્યાં સુધી પૂરતો સહયોગ આપે છે. અન્ય વિસ્તારમાં વસતા નાગરિકોને મળતી રસ્તા વગેરેની સુવિધાઓ ન મળે તો પણ ચલાવી લેવાની તેમની તૈયારી હોય છે, પરંતુ દીપડો કે સિંહ માનવભક્ષી બને ત્યારે ઉદ્વેગ વધે છે. વનમાં-નેસમાં માલધારીઓ વસતા કે વસે છે તેના પશુઓનો શિકાર થાય તો પ્રતિપ્રહાર થતા નથી, આપણે તો હવે એવું થયું છે કે, નેસને બહાર કઢાયા અને રિસોર્ટ જંગલની અંદર થઈ ગયા. પરિણામે વન વિસ્તાર સિવાય પણ સિંહનો વિહાર વધ્યો છે ત્યાં જઈને તે પશુ ઉપરાંત માનવીનો શિકાર કરતા હોવાના કિસ્સા પણ નોંધાય છે. સિંહને રોયલ પ્રાણી કહેવાય છે. માનવી ઉપર અકારણ હુમલો કરવાની તેની પ્રકૃતિ નથી તેવું નિષ્ણાંતો, સિંહપ્રેમીઓ વારંવાર કહેતા હોય છે. છેલ્લા કેટલાક બનાવ તેમ છતાં ચિંતા કરાવે છે. વાડીવિસ્તારમાં વસતા પરિવારના પાંચ વર્ષનાં બાળકને સિંહે ફાડી ખાધું, ગીર-સોમનાથના ઉના વિસ્તારમાં રાત્રે ઘઉંના પાકને પાણી આપી રહેલા ૪૫ વર્ષના ખેડૂત ઉપર હુમલો કર્યો હતો. ખેડૂતે બૂમાબૂમ કરી, લોકો આસપાસથી આવ્યા એટલે સિંહ નાસી ગયો, પરંતુ આવું ક્યારે થાય તે નક્કી નહીં. રાજુલાના કોવાયા ગામે સિંહણે એક યુવકને ફાડી ખાધો હોવાની ઘટના સોમવારની જ છે. દર વખતે કારણ તો સરખાં બહાર આવે છે. સિંહને વન વિસ્તાર ઓછો પડે છે. ૧૦,૦૦૦ ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલું ગીર હવે ૩૦,૦૦૦ ચોરસ કિલોમીટરમાં વ્યાપેલું છે. ૮૯૧ સિંહ ગીરમાં છે, જંગલની ક્ષમતા કરતાં આ સંખ્યા વધારે છે. જંગલમાં ખોરાક પર્યાપ્ત નથી. ધારી, બગસરા, ખાંભા જેવાં ગામોમાં રાત્રે સિંહનાં ટોળાં ફરતા હોવાના બનાવ બને છે. અગાસી કે ફળિયામાં સૂવાનું લોકોએ ઓછું કર્યું છે, પરંતુ આ ચર્ચા જ કર્યે કશું થશે નહીં. આ સમસ્યાનો હવે નક્કર ઉપાય શોધવો જરૂરી છે. સિંહનું સંવર્ધન જરૂરી છે.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે

# આછવણી ગામે વૃક્ષારોપણ સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ





**નવસારી, તા.૧૮ :** નવસારી જિલ્લાની બે દિવસીય મુલાકાતે પધારેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેરગામ તાલુકાના આછવણી ગામે વૃક્ષારોપણ કરી ગ્રામજનોને પર્યાવરણ સંરક્ષણ તેમજ હરિત આવરણના વિસ્તરણ માટે સહભાગી બનવા પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનોને પ્રેરણાદાયી સંબોધન આપતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ એ માત્ર આપણી જવાબદારી નથી, પરંતુ આપણી નૈતિક ફરજ છે. ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના આ યુગમાં જો આપણે આપણી ધરતી માતાને બચાવવી હશે, તો પ્રાકૃતિક સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જ પડશે. તેમણે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિશય વપરાશ સામે ચિંતા વ્યક્ત કરતા ઉમેર્યું કે, ખેતીમાં પ્રાકૃતિક પદ્ધતિઓ અપનાવવાથી જ જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ થઈ શકશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રકૃતિના જતન અને સંવર્ધન પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું છે કે, જો આપણે પ્રકૃતિનું ધ્યાન રાખીશું તો જ આપણું જીવન અને સંસ્કૃતિ ટકાવી શકીશું. કોરોના કાળના કપરા સમયની યાદ અપાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, કુદરતે આપણને સૌને મોટો પાઠ ભણાવ્યો છે કે ગમે તેટલા પૈસા કે વૈભવ હશે, પરંતુ જો ઓક્સિજન નહીં મળે તો આપણું શરીર છોડવું પડશે અને કોઈનું કંઈ ચાલશે નહીં.

મુખ્યમંત્રીએ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોને ચેતી જવા અને સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. તેમણે પાણી અને પેટ્રોલ બચાવવા માટે જાગૃત થવા અપીલ કરી જળસંચયના મહત્વ પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે, રાજ્યમાં વધુમાં વધુ તળાવો બને અને તે પાણીથી ભરાય તે માટે આપણા સૌના સામૂહિક પ્રયાસો હોવા જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંવેદનશીલ અભિગમનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ પર્યાવરણ સંરક્ષણ અભિયાનને વડાપ્રધાનએ સંવેદના સાથે જોડ્યું છે એમ જણાવી રાજ્યના પ્રત્યેક નાગરિકને પોતાની માતાના નામે એક વૃક્ષ વાવવા અને ઉછેરવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે જિ. પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિ.વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલ, પ્રાયોજના વહીવટદાર સ્વપ્નીલ એમ સિસલે, નાયબ વન સંરક્ષક સુશ્રી ઉર્વશી પ્રજાપતિ, પદાધિકારી-અધિકારીઓ, સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ખેડૂત પરિવારનું આતિથ્ય અને દેશી ભોજન માણ્યું

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રોટોકોલ બાજુ પર મૂકી નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના પાણીખડક ગામના પટેલ ફળિયામાં રહેતા સામાન્ય ખેડૂત જિતેન્દ્રભાઈ ચુનીલાલ દેસાઈના કાચા, લીંપણવાળા ઘરમાં જમીન પર બેસીને રાત્રિભોજન લીધું હતું. લીલાછમ ખેતરો અને સર્પાકાર રસ્તાઓની વચ્ચે આવેલા આ નાનકડા ઘરમાં ૧ વર્ષની દીકરી ક્રિન્સી અને ૧૧ વર્ષની નિક્કીના હરખ વચ્ચે તેમજ દેસાઈ પરિવારના તમામ સભ્યો સાથે કાંસાની થાળી-વાટકામાં પીરસાયેલા દેશી નાગલી-ચોખાના રોટલા, ખીચડી, કઢી અને મિક્સ શાકનો સ્વાદ તેમણે માણ્યો હતો.

## મધુરીમાં દીપડાના હુમલા બાદ વન વિભાગે સ્થળ તપાસ કરી



**ધરમપુર, તા.૧૮ :** ધરમપુર તાલુકાના મધુરી ગામે ખેડૂત હરિભાઈ બનસ્યાભાઈ પવાર પર દીપડાના હિંસક હુમલાની ઘટના બાદ ગુરુવારે વન વિભાગે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

આરએફઓ ભૂમિકાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ગુંદીયા બીટ-ખડકી રાઉન્ડના ફોરેસ્ટર સંજયભાઈ, ગામના પટેલ રમેશભાઈ ભોયા, વોચમેન મોહનભાઈ તથા ગામના આગેવાનો દિનેશભાઈ અને નરેશભાઈની હાજરીમાં ઘટનાસ્થળનું પંચનામું કરવામાં આવ્યું હતું. તેમજ સાક્ષીઓ અને ઈજાગ્રસ્ત હરિભાઈ બનસ્યાભાઈ પવારના નિવેદનો પણ લેવામાં આવ્યા હતાં. ગ્રામજનોએ વન વિભાગને જણાવ્યું હતું કે દીપડાના હુમલા બાદ રાત્રિ દરમિયાન ગામની સીમમાં દીપડાની ગર્જના સંભળાઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છે. હાલમાં મહુડાના બી વીણવાની સિઝન ચાલી રહી હોવાથી અનેક લોકો રોજીરોટી માટે જંગલમાં જતા હોય છે. આવી સ્થિતિમાં દીપડાનો ભય લોકોની આજીવિકા પર પણ અસર કરી શકે છે. ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ દીપડાને પકડવા ઘટનાસ્થળ નજીક તાત્કાલિક પાંજરું ગોઠવવા તેમજ જરૂરી સુરક્ષા પગલાં ભરવાની માંગ કરી છે.

## રવિવારે વાપીમાં આરએસએસની પ્રભુદ્ધ નાગરિકો સાથે બેઠક યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીમાં રવિવારે આરએસએસ દ્વારા રાષ્ટ્રની ભારતીય સંકલ્પના અંગેનો જાહેર સભા કાર્યક્રમ યોજાશે. જેમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાત પ્રાંતના સહ કાર્યવાહ અખિલેશ જી પાંડે રહેશે.

વાપી જીઆઈડીસીના વીઆઈએ કોન્ફરન્સ હોલમાં તા.૧૯-૬-૨૦૨૬ને રવિવારના રોજ સાંજે પાંચથી સાત કલાક દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ૧૦૦ વર્ષથી સતત કાર્યરત છે. જેથી દેશ માટે સુસંસ્કૃત, શિસ્તબદ્ધ અને સમર્પિત સ્વયંસેવકો તૈયાર કરીને સમાજને સંગઠિત કરીને ભારતને પરમ ગૌરવ સુધી પહોંચાડી શકાય. સંઘ પોતાના શતાબ્દી વર્ષમાં, સંઘે સમાજની સર્જનાત્મક શક્તિને સાથે લઈને એક સંગઠિત, સક્ષમ અને સમૃદ્ધ ભારતનું નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો છે જે વિશ્વ સમક્ષ એક આદર્શ રજૂ કરે છે. આ પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે, સમાજમાં આદરણીય અને પ્રભાવશાળી વ્યક્તિઓ સાથે જોડાવા માટે એક મુખ્ય જાહેર સભાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન વાપી સંઘના ધ્રુવ કલસરિયા દ્વારા કરાઈ રહ્યું છે.

### ગોપી એન્ટરપ્રાઈઝ દ્વારા

## વાપીમાં હરી સિંઘાનિયાની જન્મ જયંતીએ રક્તદાન કેમ્પ યોજાશે

**વાપી, તા.૧૮ :** વાપીમાં જે.કે. ઓર્ગેનાઈઝેશન તેમજ ગોપી એન્ટરપ્રાઈઝ દ્વારા સ્વ.શ્રી હરિ શંકર સિંઘાનિયાની ૯૩મી જન્મજયંતિ નિમિત્તે આગામી ૨૦ જૂન, ૨૦૨૬ના રોજ એક દર વર્ષની જેમ આ વર્ષે પણ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ વાપી જીઆઈડીસીમાં ફેઝ-૨, ભડકમોરા નજીક આવેલ શ્રી ગોપી એન્ટરપ્રાઈઝ ખાતે યોજાશે. જેની શરૂઆત સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી ચાલનારા આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય માનવ સેવા અને રક્તની જરૂરિયાત પૂરી કરવાનો છે. અહીં ભેગું કરાયેલ રક્ત જરૂરિયાત મંદ લોકોને પહોંચે તે માટે બ્લડ બેંકોને સુપ્રત કરવામાં આવશે સમગ્ર કાર્યક્રમનું આયોજન ગોપી એન્ટરપ્રાઈઝ દ્વારા કરાઈ રહ્યું છે.

**PUBLIC NOTICE**

NOTICE IS HEREBY given on behalf of my client Shri Abdulhamid Lucman Mia to the general public that the original Sale Deed and its Registration Receipt of Commercial Shop No.1, bearing Panchayat House No.979/02, admeasuring about 750.00 Square Feet super built-up in area, lying and being on the Ground Floor of the building known as 'Type-A' of "FORTUNE WORLD", constructed on N.A. land bearing Survey No.492/2, 492/1(3) and 492/1(5), totally admeasuring 8870.00 Square Meter in area, situated at Village Dunetha, Nani-Daman, District Daman has been misplaced/lost. The original Sale Deed and its Registration Receipt was issued on 24/03/2015, under Registration Serial No.671/2015 015 issued issue by the Sub-Registrar, Moti Daman, Daman.

If anyone finds this original Sale Deed and its Registration Receipt of the said Shop, please contact the undersigned within 7 days from the date of issue of this Notice. Any misuse of this document by unauthorized individuals will be considered unlawful, and legal action may be taken against him/her/them.

**Date : 18/06/2026**

**Contact Information:**
**Shop No.13/117, Ground Floor, Apollo Building, Behind Taxi Stand, Nani Daman, District Daman, Daman396 210.**

**Sd/-**
**(Anas D. Cott)**
**Advocate**

**-: PUBLIC NOTICE :-**

**IN THE COURT OF HON'BLE 2ND ADDITIONAL CIVIL JUDGE AT TALUKA VAPI, DIST VALSAD.**

Summons for Settlement of Issue (Civ. Procedure Code.0-5,R1.5) Schedule-1, Appx.B Nos 1 and 2

R.C.S No.27/2022
Fixed On 22/07/2026

**PLAINTIFF : STATE BANK OF INDIA**
Authorized Chief Branch manager
Shri Shankarlal Banshiwal

**Adv. R P Shukla**

**//Versus//**

**DEFENDENT : M/s: OM SAI ONION & GARLIC CO.**
Through Its Proprietor
**SHRI SHARAVAN RAMDHAN JAISWAL**
Adult, Indian Inhabitant, Occupation by Business, Its Business address at Shop No.4 Pathan Complex, Mahadev Nagar, Chhiri Vapi, District Valsad Gujarat-396191, Mob No. 9714206374/7016694902

**To.**
**SHRI SHARAVAN RAMDHAN JAISWAL**

Whereas the above named Plaintiff State Bank of India-IT Branch has instituted a Application in this court against above named defendant SHRI SHARAVAN RAMDHAN JAISWAL PROPRIETOR OF OMSAI ONION & GARLIC CO. and has observed that despite making due efforts of notice issued by the court has not been served to you.

Therefore You Are hereby summoned to appear before the Court, in person or by a pleader duly instructed and able to answer all material question relating to the suit, or who shall be accompanied by some other person able to answer all such question, on the 22nd Day of July 2026 at 10:30 Hrs the morning. The answer the claim and as the day fixed for your appearance is appointed for the final disposal of the suit. You must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intend to rely in support of your defense.

Take notice that, in default of your appearance on the day before mentioned the suit will be heard and determined in your absence.

Also take notice that in default of your filling an address of service on or before the date mentioned you are liable to have defense struck out.

Given under my sign and seal of the court on 12th Day of June-2026

**Prepared By Sd/- Assistant** | Sild | **Checked By Sd/- Superintendent** | **Principal Senior Civil Court Vap**

**-: PUBLIC NOTICE :-**

**IN THE COURT OF HON'BLE 2ND ADDITIONAL CIVIL JUDGE AT TALUKA VAPI, DIST VALSAD.**

Summons for Settlement of Issue (Civ. Procedure Code.0-5,R1.5) Schedule-1, Appx.B Nos 1 and 2

R.C.S No. 40/2024
Fixed On 22/07/2026

**PLAINTIFF : STATE BANK OF INDIA**
Authorized Chief Branch manager
Shri Shankarlal Banshiwal

**Adv. R P Shukla**

**//Versus//**

**DEFENDENT : SHRI DHARMENDRA BABUBHAI PATEL**
Its address C/O SHAH PAPER MILLS LTD, PLOT NO.5202, 3RD PHASEG.I.D.C. VAPI DIST VALSAD GUJARAT-396195, Mob No 9825692307

**To.**
**SHRI DHARMENDRA BABUBHAI PATEL**

Whereas the above named Plaintiff State Bank of India -IT Branch has instituted a Application in this court against above named defendant SHRI DHARMENDRA BABUBHAI PATEL and has observed that despite making due efforts of notice issued by the court has not been served to you.

Therefore You Are hereby summoned to appear before the Court, in person or by a pleader duly instructed and able to answer all material question relating to the suit, or who shall be accompanied by some other person able to answer all such question, on the 22nd Day of July 2026 at 10:30 Hrs the morning. The answer the claim and as the day fixed for your appearance is appointed for the final disposal of the suit. You must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intend to rely in support of your defense.

Take notice that, in default of your appearance on the day before mentioned the suit will be heard and determined in your absence.

Also take notice that in default of your filling an address of service on or before the date mentioned you are liable to have defense struck out.

Given under my sign and seal of the court on 12th Day of June-2026

**Prepared By Sd/- Assistant** | Sild | **Checked By Sd/- Superintendent** | **Principal Senior Civil Court Vap**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૮૦/૨૦૨૬

**અરજદાર : શાન્તાબેન ઉત્તમભાઈ પટેલ,**
**રહે.** પારનેરા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શાન્તાબેન ઉત્તમભાઈ પટેલ,** રહે.પારનેરા, તા.જી.વલસાડએ તેમના સસરા **ગાંડાભાઈ હાંસજીભાઈ પટેલનું** મરણ તા.૧૫-૦૬-૧૯૭૫ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૮૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૪૩૦/૨૦૨૬

**અરજદાર : પટેલ હસમુખભાઈ ફકીરભાઈ,**
**રહે.** માતા ફળિયું, ભુતસર
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભુતસર, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ હસમુખભાઈ ફકીરભાઈ,** રહે.માતા ફળિયું, ભુતસર, તા.જી.વલસાડએ તેમના માતા **શકુબેન ફકીરભાઈ પટેલનું** મરણ તા.૧૩-૦૩-૨૦૦૭ના રોજ મોજે. ભુતસર, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૩૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૩૬૦/૨૦૨૬

**અરજદાર : અશોકભાઈ રમણભાઈ રાઠોડ,**
**રહે.** નવા પુરા ફળિયા, ભુતસર,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભુતસર, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશોકભાઈ રમણભાઈ રાઠોડ,** રહે.નવા પુરા ફળિયા, ભુતસર, તા.જી.વલસાડએ તેમના દાદી **સુરેખાબેન રમણભાઈ રાઠોડનું** મરણ તા.૧૦-૦૨-૨૦૦૪ના રોજ મોજે. ભુતસર, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૬૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૭૫/૨૦૨૬

**અરજદાર : સુરેશચંદ્ર જીવણભાઈ લાડ,**
**રહે.** ધનોરી,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ધનોરી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુરેશચંદ્ર જીવણભાઈ લાડ,** રહે.ધનોરી, તા.જી.વલસાડએ તેમના માતા **લક્ષ્મીબેન જીવણભાઈ લાડનું** મરણ તા.૧૬-૦૧-૨૦૦૦ના રોજ મોજે. ધનોરી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૭૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૦૪૭/૨૦૨૬

**અરજદાર : જશુબેન કાંતિલાલ હળપતિ,**
**રહે.** નિચલુ ફળિયુ, અટાર,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, અટાર, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશુબેન કાંતિલાલ હળપતિ,** રહે.નિચલુ ફળિયું, અટાર, તા.જી.વલસાડએ તેમના પિતા **કાનુભાઈ રણછોડ નાયકાનું** મરણ તા.૧૯-૦૫-૨૦૦૫ના રોજ મોજે. અટાર, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૦૪૭/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૪૧૨/૨૦૨૬

**અરજદાર : શગુફતા પરવીણ મુબારિક અંસારી,**
**રહે.** સદરનગર, ગ્રીનપાર્ક-૪, ભાગડાવડા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાગડાવડા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શગુફતા પરવીણ મુબારિક અંસારી,** રહે.સદરનગર, ગ્રીનપાર્ક-૪, ભાગડાવડા, તા.જી.વલસાડએ તેમના પિતા **મુબારિક ઈબ્રહીમ અંસારીનું** મરણ તા.૦૧-૧૨-૨૦૧૭ના રોજ મોજે. ભાગડાવડા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૧૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૨૧૮/૨૦૨૬

**અરજદાર : ટંડેલ ડાહીબેન તુલસીદાસ,**
**રહે.** વૃંદાવન સોસાયટી, ડુંગરી,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કકવાડી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ટંડેલ ડાહીબેન તુલસીદાસ,** રહે.વૃંદાવન સોસાયટી, ડુંગરી, તા.જી.વલસાડએ તેમના પતિ **ટંડેલ તુલસીદાસ પ્રમજીભાઈનું** મરણ તા.૩૧-૦૩-૧૯૯૦ના રોજ મોજે. નાની દાંતી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૨૧૮/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

# અન્ય સમાચારો

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૫૧૮/૨૦૨૫

**અરજદાર : મહેશભાઈ બાબુભાઈ રાઠોડ,**
**રહે.** વાંકલ, પાંચબંગલી ફળિયું,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વાંકલ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મહેશભાઈ બાબુભાઈ રાઠોડ,** રહે.વાંકલ, પાંચબંગલી ફળિયું, તા.જી.વલસાડએ તેમના માતા **ગંગાબેન બાબુભાઈ રાઠોડનું** મરણ તા.૧૦-૧૦-૨૦૧૪ના રોજ મોજે. વાંકલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

**નં.એડીએમ/મરણ/રજી.નં.૫૧૮/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

## જાહેર નોટીસ / સમન્સ

### નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૫૮/૨૦૨૬**

**અરજદાર : કમુબેન રેવલાભાઈ પટેલ તે અશોકભાઈની પત્ની**
**રહે.** પારડી, વલસાડી ઝાપા, પોલીસ સ્ટેશન પાછળ
તા.પારડી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **કમુબેન રેવલાભાઈ પટેલ** રહે. પારડી, વલસાડી ઝાપા, પોલીસ સ્ટેશન પાછળ તા. ખેરગામ જી.નવસારીએ પોતાનો જન્મ મોજે, ખેરગામ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૧/૦૧/૧૯૭૪ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૯/૬/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૪૩/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૮/૦૬/૨૦૨૬**

**વાદી : શ્રી અશોકભાઈ લલ્લુભાઈ પટેલ,**
**રહે.** ઘેજ, નવાનગર, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ઘેજ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશોકભાઈ લલ્લુભાઈ પટેલ,** રહે. ઘેજ, નવાનગર, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના દાદા **સ્વ. ગોવનભાઈ ફકરાભાઈ પટેલનું** મરણ તા.૧૫/૦૫/૧૯૬૮ના રોજ મોજે. ઘેજ, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૦/૨૦૨૬

**અરજદાર : કાંતુભાઈ લક્ષ્મણભાઈ પટેલ**
**ઉ.આ.વ.૭૩, ધંધો - ખેતી રહે.** કચીગામ પટેલ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. બી.આર. ટંડેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી કચીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કાંતુભાઈ લક્ષ્મણભાઈ પટેલ** રહે. કચીગામ, પટેલ ફળિયા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **લક્ષ્મણભાઈ ઉર્ફે લખમાભાઈ ભાણાભાઈ ધોડીનું** મરણ તા.૦૬-૧૦-૧૯૯૯ના રોજ મોજે - કચીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**નં.એમએજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૬૦/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**






## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૪૪૫/૨૦૨૬

**અરજદાર : દિપકભાઈ રામુભાઈ નાયકા,**
**રહે.** પીઠા, પડારીયા
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પીઠા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દિપકભાઈ રામુભાઈ નાયકા,** રહે.પીઠા, પડારીયા, તા.જી.વલસાડએ તેમના દાદી **પ્રેમીબેન મંગાભાઈ નાયકાનું** મરણ તા.૦૧-૧૨-૧૯૯૦ના રોજ મોજે. પીઠા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૪૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૪૪/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૮/૦૬/૨૦૨૬**

**વાદી : શ્રી અશોકભાઈ લલ્લુભાઈ પટેલ,**
**રહે.** ઘેજ, નવાનગર, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ઘેજ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશોકભાઈ લલ્લુભાઈ પટેલ,** રહે. ઘેજ, નવાનગર, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના દાદી **સ્વ. મીઠલીબેન ગોવનભાઈ પટેલનું** મરણ તા.૨૫/૦૬/૧૯૬૫ના રોજ મોજે. ઘેજ, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

## જાહેર નોટીસ

### એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

**જન્મ-મરણ કેસ નં.૮૨/૨૦૨૬**

**અરજદાર : મોહનભાઈ કોળઘુભાઈ બિરારી**
ઉપલા ફળિયા, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ભાણજીભાઈ પાંડુભાઈ બિરારીનું** મરણ તા.૦૨/૦૫/૧૯૬૫ના રોજ મોજે પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત પાનસના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત પાનસને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી પાનસ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

## જાહેર નોટીસ

### એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

**જન્મ-મરણ કેસ નં.૮૪/૨૦૨૬**

**અરજદાર : મોહનભાઈ કોળઘુભાઈ બિરારી**
ઉપલા ફળિયા, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ગંગીયાભાઈ પાંડુભાઈ બિરારીનું** મરણ તા.૦૧/૦૨/૧૯૬૦ના રોજ મોજે પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત પાનસના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત પાનસને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી પાનસ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ






## સેલવાસની બંધ ફેક્ટરીમાંથી સડેલી લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૮ :** દયાત ફળિયા વિસ્તારમાં આવેલી એક બંધ ફેક્ટરીમાંથી ગુરુવારે સાંજે અજાણ્યા વ્યક્તિનો સડી ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, ફેક્ટરીની આસપાસ રહેતા લોકોને સાંજના સમયે ભારે દુર્ગંધ આવતી હોવાનું જણાયું હતું. શંકા જતાં કેટલાક સ્થાનિકોએ ફેક્ટરીની અંદર તપાસ કરતા એક વ્યક્તિનો મૃતદેહ જોવા મળ્યો હતો. મૃતદેહ લાંબા સમયથી પડ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે, જેના કારણે તેની ઓળખ કરવી મુશ્કેલ બની છે.

ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પંચનામાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નમો હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પોલીસ હાલમાં મૃતકની ઓળખ મેળવવા તેમજ મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પ્રયાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં મૃત્યુ સ્વાભાવિક છે કે અન્ય કોઈ કારણસર થયું છે તે અંગે સ્પષ્ટતા થઈ નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ વધુ વિગતો બહાર આવશે.સ્થાનિક રહિશોના જણાવ્યા અનુસાર વિસ્તારમાં આવેલી બંધ ફેક્ટરીઓમાં અસામાજિક તત્વોનો અડ્ડો બની જવાનો ભય રહે છે. તેથી આવા પરિસરોની સુરક્ષા અને નિયમિત દેખરેખ અંગે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે.

**દમણગગા ટાઈમ્સનું ઈ-પેપર ડાઉનલોડ કરવા www.damangangatimes.com ની મુલાકાત લો**

## નિલકમલ લિમિટેડ

**CIN: L25209DN1985PLC000162**
**રજી. ઓફિસઃ** સર્વે નં. ૩૫૪/૨ અને ૩૫૪/૩, રાખોલી પુલ પાસે, સિલવાસા-ખાનવેલ રોડ, વાસોના ગામ, સિલ્વાસા-૩૯૬૨૩૦ (દાદરા અને નગર હવેલીનો કેન્દ્રશાસિત પ્રદેશ)
**ટેલિ.નં.:** ૦૨૬૦-૨૬૯૯૨૧૨, **ફેક્સ:** ૦૨૬૦-૨૬૯૯૦૨૩
**વેબસાઈટઃ** www.nilkamal.com, **ઈ-મેલઃ** Investor@nilkamal.com

Nilkamal®

### વિડીયો કોન્ફરન્સ (VC) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજાનારી ૪૦મી વાર્ષિક સાધારણ સભા (AGM) અંગેની સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે નીલકમલ લિમિટેડ (કંપની)ની ૪૦મી વાર્ષિક સાધારણ સભા ("AGM") કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને તે હેઠળ બહાર પાડવામાં આવેલા નિયમો તેમજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI") (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") ની તમામ લાગુ જોગવાઈઓનું પાલન કરીને અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("સ્રુછ") દ્વારા બહાર પાડવામાં આવેલા તારીખ ૦૮ એપ્રિલ, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦ ના પરિપત્ર નંબર ૧૭/૨૦૨૦, તારીખ ૦૫ મે, ૨૦૨૦ ના પરિપત્ર નંબર ૨૦/૨૦૨૦ અને આ સંદર્ભમાં ત્યારબાદ બહાર પાડવામાં આવેલા પરિપત્રો, જેમાં સૌથી છેલ્લો તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ નો પરિપત્ર નંબર ૦૩/૨૦૨૫ છે (જેમને સામૂહિક રીતે "પરિપત્રો" તરીકે ઓળખવામાં આવે છે), તેને ધ્યાનમાં રાખીને એજીએમ ની સૂચનામાં નિર્ધારિત કરાયેલા વ્યવહારો ચલાવવા માટે **શુક્રવાર, ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે** IST વીડિયો કોન્ફરન્સ (VC) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરિપત્રો અને લિસ્ટિંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૩૬(૧), ૪૪(૪) અને ૫૮(૧) ની જોગવાઈઓના પાલનમાં, કંપની એવા તમામ સભ્યોને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેની એજીએમની સૂચના અને વાર્ષિક અહેવાલ (એન્યુઅલ રિપોર્ટ) ની ઈલેક્ટ્રોનિક નકલો મોકલશે જેમના ઈમેઈલ આઈડી કંપની અથવા નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL") અથવા સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસેજ (ઈન્ડિયા) લિમિટેડ ("ડિપોઝિટરીઝ") અથવા એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ - રજિસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ ("RTA") પાસે નોંધાયેલા છે. આ ઉપરાંત, જે સભ્યોના ઈમેઈલ આઈડી કંપની/RTA/ડિપોઝિટરીઝ પાસે નોંધાયેલા નથી તેમને એક પત્ર મોકલવામાં આવશે, જેમાં વેબલિંક આપવામાં આવશે જેના દ્વારા કંપનીની વેબસાઈટ પરથી વાર્ષિક અહેવાલ મેળવી શકાશે. કંપની વાર્ષિક અહેવાલની ભૌતિક (ફિઝિકલ) નકલ માત્ર એવા જ સભ્યોને મોકલશે જેઓ investor@nilkamal.com પર તે માટે ખાસ વિનંતી કરશે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેની એજીએમની સૂચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.nilkamal.com પર, કંપનીના ઈક્વિટી શેર જે સ્ટોક એક્સચેન્જો પર લિસ્ટેડ છે તેની વેબસાઈટ એટલે કે BSE લિમિટેડની www.bseindia.com પર, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની www.nseindia.com પર અને NSDLની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**મતદાનની માહિતીઃ**

કંપની સદરહુ મીટિંગમાં મૂકાનાર તમામ ઠરાવો પર સભ્યો તેમના મત ઈલેક્ટ્રોનિકલી આપી શકે તે માટે રિમોટ ઈ-વોટિંગની સુવિધા આપતા ખુશી અનુભવે છે. ઈ-વોટિંગની સુવિધા એજીએમ ખાતે પણ મળી રહેશે અને વીસી/ઓવમ મારફતે એજીએમમાં જોડાનારા સભ્યો, જેઓએ તેમનો મત રિમોટ ઈ-વોટિંગથી ન આપ્યો હોય તેઓ એજીએમ વખતે મત આપી શકશે. કંપનીએ રિમોટ ઈ-વોટિંગ/એજીએમ વખતે ઈ-વોટિંગની સગવડ માટે એનએસડીએલની સેવાઓ લીધી છે.

રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો મંગળવાર, ૧૪ જુલાઈ, ૨૦૨૬ (સવારે ૯:૦૦ વાગ્યા IST) થી શરૂ થાય છે અને ગુરુવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૬ (સાંજે ૦૫:૦૦ વાગ્યા IST) ના રોજ સમાપ્ત થાય છે. આ સમયગાળા દરમિયાન કંપનીના સભ્યો, જેઓ કટ-ઓફ તારીખ શુક્રવાર, ૧૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા હોય, તેઓ પોતાનો મત ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી આપી શકે છે. ત્યારબાદ મતદાન માટે NSDL દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય (ડિસેબલ) કરી દેવામાં આવશે. સભ્યો દ્વારા એકવાર ઠરાવ પર મત આપી દીધા પછી, સભ્યોને ત્યારબાદ તેમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સભ્યોના મતદાનના અધિકારો કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૧૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ કંપનીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં તેમના શેરના પ્રમાણમાં રહેશે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે શ્રી ભાસ્કર ઉપાધ્યાય (એફસીએસ ૮૬૬૩, સીપી ૯૬૨૫) મે. એન. એલ. ભાટિઆ એન્ડ એસોસિએટ્સના ભાગીદાર, જાણીતા કંપની સેક્રેટરીની શુદ્ધ અને પારદર્શક પદ્ધતિએ મતદાન પ્રક્રિયાના સંચાલન માટે સ્ક્રૂટિનાઈઝર તરીકે નિમણૂક કરી છે.

કોઈ પણ વ્યક્તિ જે નોટિસ મોકલાયા પછી કંપનીના શેર મેળવે છે અને કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખે શેર ધારણ કરે છે તેઓ evoting@nsdl.co.in ને વિનંતી મોકલીને લોગ ઈન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. તેમ છતાં, જો તેમની એનએસડીએલ ખાતે અગાઉ રિમોટ ઈ-વોટિંગ માટે નોંધણી થયેલ હોય તો તેઓ મત આપવા માટે તેમના તે યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.

વીસી/ઓવમ દ્વારા એજીએમમાં જોડાવા માટે અને રિમોટ ઈ-વોટિંગ/એજીએમ વખતે ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટેની સૂચનાઓ એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે. સભ્યોને વિનંતી કે તેઓ તે કાળજીપૂર્વક વાંચી જાય. જે સભ્યોને એજીએમ અગાઉ કે તે દરમિયાન ઈ-વોટિંગની સુવિધા અને/અથવા વીસી/ઓવમ સુવિધા અંગે કોઈ મદદ જોઈતી હોય, તો તેઓ evoting@nsdl.co.in ને વિનંતી મોકલી શકે છે અથવા ટોલ ફ્રી નંબર ૦૨૨-૪૮૮૬૭૦૦૦નો ઉપયોગ કરી શકે છે.

**ફાઈનલ ડિવિડન્ડની ચૂકવણીઃ**

સભ્યો નોંધ લે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે ગુરૂવાર, ૧૪ મે, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં કંપનીની આગામી એજીએમમાં સભ્યોની મંજૂરીને આધીન, ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સમાપ્ત થયેલા નાણાકીય વર્ષ માટે ₹ ૧૦ (માત્ર દસ રૂપિયા) ની ફેસ વેલ્યુ ધરાવતા પ્રત્યેક સંપૂર્ણ પેઈડ-અપ ઈક્વિટી શેર દીઠ ₹ ૨૦ (માત્ર વીસ રૂપિયા) ના આખરી ડિવિડન્ડ ("આખરી ડિવિડન્ડ") ની ચુકવણીને મંજૂરી આપી છે અને તેની ભલામણ કરી છે. જો સભ્યો દ્વારા મંજૂર કરવામાં આવશે તો, આખરી ડિવિડન્ડ શુક્રવાર, ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ અથવા તે પછી એવા સભ્યોને ચૂકવવામાં આવશે જેમના નામ શુક્રવાર, ૧૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ વ્યવસાયિક સમય પૂરો થવા સુધીમાં સભ્યોના રજિસ્ટર અથવા બેનિફિશિયલ ઓનર્સના રજિસ્ટરમાં નોંધાયેલા હશે. વધુમાં, વાર્ષિક સાધારણ સભા અને ડિવિડન્ડના હેતુ માટે કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક શનિવાર, ૧૧ જુલાઈ, ૨૦૨૬ થી શુક્રવાર, ૧૭ જુલાઈ, ૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

આખરી ડિવિડન્ડ વિવિધ ઓનલાઈન ટ્રાન્સફર મોડ્સ દ્વારા ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી એવા સભ્યોને ચૂકવવામાં આવશે જેમણે તેમના બેંક ખાતાની વિગતો અપડેટ કરી છે. સેબી (SEBI) દ્વારા ફરજિયાત કરાયા મુજબ, ડિવિડન્ડની ચુકવણી માત્ર દ્રરૂઝ સુસંગત ફોલિયો નંબરો/ડીમેટ ખાતાઓ સાથે લિંક થયેલા બેંક ખાતામાં જ જમા કરી શકાય છે. તેથી સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ખાતરી કરે કે તેમની KYC વિગતો યોગ્ય રીતે અપડેટ થયેલી છે. અપડેટ કરવાની વિગતવાર પ્રક્રિયા સૂચનામાં આપવામાં આવી છે.

સભ્યોને નોંધ લેવા વિનંતી છે કે સેબી (SEBI)ની જોગવાઈઓ અનુસાર, ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા તમામ સભ્યો માટે તેમના સંબંધિત ફોલિયો નંબર માટે પાન (PAN), નોમિનેશનની પસંદગી, સંપર્ક વિગતો (પીઆઈએન અને મોબાઈલ નંબર સાથેનું ટપાલ સરનામું), બેંક ખાતાની વિગતો અને નમૂનાની સહી સબમિટ કરવી ફરજિયાત છે.

સભ્યો કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ પાસે નિયત ફોર્મ ISR-1 અને અન્ય સંબંધિત ફોર્મમાં ઉક્ત વિગતો રજિસ્ટર/અપડેટ કરી શકે છે. વધુમાં, સભ્યો કંપનીની વેબસાઈટ https://www.nilkamal.com પરથી પણ સંબંધિત ફોર્મ મેળવી શકે છે.

ઉપરની વિગતો કંપનીના તમામ શેરધારકોની જાણકારી અને લાભાર્થે અને એમસીએ તથા સેબી પરિપત્ર(ત્રો)ના પાલન અર્થે જાહેર કરેલ છે. શેરધારકો કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ **એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ,** સી-૧૦૧, ૧લે માળે, ૨૪૭ પાર્ક, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, વિક્રોલી(પશ્ચિમ),મુંબઈ-૪૦૦૦૮૩નો સંપર્ક કરી શકે છે. ટેલિ. નં. +૯૧ ૮૧૦૮૧ ૧૬૭૬૭ ઈ-મેલઃ rnt.helpdesk@in.mpms.mufg.com.

**નીલકમલ લિમિટેડ** વતી
સહી/-
**સાગર મેહ્તા**
**કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર**
**આયસીએસઆય સભ્યપદ ન. : A 44900**

**સ્થળઃ** મુંબઈ
**તારીખઃ** ૧૮મી જૂન, ૨૦૨૬

## જાહેર નોટીસ

### એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

**જન્મ-મરણ કેસ નં.૮૫/૨૦૨૬**

**અરજદાર : મોહનભાઈ કોળઘુભાઈ બિરારી**
ઉપલા ફળિયા, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **બાનુબેન પાંડુભાઈ બિરારીનું** મરણ તા.૧૧/૦૪/૧૯૮૨ના રોજ મોજે પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત પાનસના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત પાનસને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી પાનસ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

## જાહેર નોટીસ

### એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા

**જન્મ-મરણ કેસ નં.૮૩/૨૦૨૬**

**અરજદાર : મોહનભાઈ કોળઘુભાઈ બિરારી**
ઉપલા ફળિયા, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **પાંડૂભાઈ ગંગાભાઈ બિરારીનું** મરણ તા.૦૪/૧૦/૧૯૫૫ના રોજ મોજે પાનસ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત પાનસના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત પાનસને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી પાનસ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૨/૨૦૨૬

**અરજદાર : કાંતુભાઈ લક્ષ્મણભાઈ પટેલ**
**ઉ.આ.વ.૭૩, ધંધો - ખેતી રહે.** કચીગામ પટેલ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. બી.આર. ટંડેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી કચીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કાંતુભાઈ લક્ષ્મણભાઈ પટેલ** રહે. કચીગામ, પટેલ ફળિયા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભાઈ **જગનભાઈ લખમાભાઈ ઉર્ફે લક્ષ્મણભાઈ ધોડીનું** મરણ તા.૧૩-૦૩-૨૦૧૩ના રોજ મોજે - કચીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**નં.એમએજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૬૨/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૧/૨૦૨૬

**અરજદાર : કાંતુભાઈ લક્ષ્મણભાઈ પટેલ**
**ઉ.આ.વ.૭૩, ધંધો - ખેતી રહે.** કચીગામ પટેલ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. બી.આર. ટંડેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી કચીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કાંતુભાઈ લક્ષ્મણભાઈ પટેલ** રહે. કચીગામ, પટેલ ફળિયા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **મંગલીબેન લક્ષ્મણભાઈ ઉર્ફે લખમાભાઈ ધોડીનું** મરણ તા.૦૯-૦૪-૨૦૧૩ના રોજ મોજે - કચીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**નં.એમએજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૬૧/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**




# ભારત મારબલ વોટરપ્રુફીંગ

**વાંચશો તો જાણશો ને?**
**ખુશખબર... ખુશખબર...**
**શુ તમારું ધાબુ લીક થાય છે ???**

શુ તમારા ધાબામાંથી પાણી ટપકે છે? તદ આના માટે ભારત મારબલ નવી ટેકનીક લઈને આવ્યા છે.
દર વર્ષની વોરંટી સાથે ધાબાનું લીકેજ બંધ કરી દેવામાં આવશે.
ઉપરાંત દશ વર્ષની લેખીત વોરંટી આપવામાં આવશે.

**પધ્ધતિસર ધારા પર ઈટાલીયન માર્બલ પેસ્ટ કરી આપવામાં આવશે**

**અમારી કામ કરવાની પદ્ધતિ**
- ધાબુ વોશ કરી એના પર પીછી કેમીકલ લગાડવામાં આવે છે
- પીછી લાગ્યા પછી પ્લાસ્ટર ઉપર ૩ થી ૪ એમએમ માલ ચડાવવામાં આવે છે
- ત્યારબાદ કેમીક

હવે શું વિચારો છો ? આજે જ સંપર્ક કરો : નોંધ એડવાન્સ બુકીંગ ચાલુ છે એક જ કોલ કરો, માણસ વિઝીટ માટે આવી જશે. વીઝીટનો કોઈ ચાર્જ નથી

**ચંદન મેહરા મો. ૯૭૨૫૨૧૪૮૧૪**



Friday 19, June 2026

# દમણગંગા ટાઈમ્સ


## વાપી અંબામાતા મંદિર પાસે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

**વાપી, તા. ૧૮ :** વાપી જીઆઈડીસી ગુંજન રહેણાંક વિસ્તારમાં આજે સાજે પીવાના પાણીની સપ્લાય લાઈન લીકેજ થવાના કારણે ખોરવાઈ ગઈ હતી.

આજે સાંજે અચાનક પીવાના પાણીની સપ્લાય ખોરવાઈ ગઈ હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ વાપી જીઆઈડીસી રામલીલા મેદાન ગાર્ડન પાસે પીવાના પાણી લાઈન તૂટી જતાં સાંજે સમગ્ર રહેણાંક વિસ્તારમાં પીવાના પાણીની સપ્લાય બંધ થઈ ગઈ હતી.

આ અંગે પાણી ખાતાના વત્સલ પટેલનો સંપર્ક કરતા જાણવા મળ્યું કે, લાઈન લીકેજ રિપેર કરવાનું કામ ચાલુ છે ગણતરીના કલાકમાં પાણી સપ્લાય પૂરવરત થઈ જશે.

## સેલવાસમાં ભંગારના ગોડાઉનમાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૮ :** સેલવાસના બાવીસા ફળિયા વિસ્તારમાં પંચમુખી હનુમાન મંદિર નજીક રિંગ રોડ પર ગુરુવારે રાત્રે આશરે ૮ વાગ્યે ભંગારના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી.મળતી માહિતી મુજબ ભંગારના વેપારી મુશીરભાઈના ગોડાઉનમાં લાગેલી આગનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ગોડાઉનમાં પ્લાસ્ટિકના ભંગાર સહિત અન્ય રિસાયકલ કરી શકાય તેવી સામગ્રીનો જથ્થો સંગ્રહિત હોવાથી આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

આગની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર જવાનોએ ભારે જહેમત બાદ આગને આસપાસના વિસ્તારોમાં ફેલાતી અટકાવી હતી.

આ ઘટનામાં લાખો રૂપિયાના માલસામાનને નુકસાન થયું હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. જોકે નુકસાનનો ચોક્કસ આંક હજુ સુધી બહાર આવ્યો નથી. ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાના અહેવાલ નથી. ફાયર વિભાગ દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ધરમપુરમાં યુવતીએ ગળેફાંસો ખાધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૮ :** ધરમપુર શહેરના બજાર ફળિયા વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય કિંજલબેન પરીમલભાઈ પટેલે ભાડાના મકાનમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની માહિતી પ્રાપ્ત થવા પામી છે. પ્રાપ્ત માહિતી મુજબ કિંજલબેન પરીમલભાઈ પટેલ ઉ.વ. ૩૦ મૂળ રહેવાસી ડુંગરી, વૃંદાવન સોસાયટી, તા. જી. વલસાડ હાલ ધરમપુરના બજાર ફળિયા ખાતે કિરીટભાઈ રમણલાલ ભટ્ટના મકાનમાં ભાડે રહેતા હતા. કિંજલના પ્રેમલગ્ન થયા હતાં જોકે હાલ તેઓ ધરમપુર ખાતે એકલવાયું જીવન જીવતા હતા. ગતરોજ બપોરના સમય દરમિયાન કોઈ અગમ્ય કારણોસર તેમણે પોતાના રહેઠાણે ઈલેક્ટ્રિક પંખા સાથે કોટનની ઓઢણી વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

આ બનાવ અંગે રાહુલભાઈ રાજેશભાઈ પટેલ રહે. ડુંગરીનાઓએ કરેલ ફરિયાદના આધારે ધરમપુર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મૂળીના ટપોરિઓને પોલીસનો ડર રહ્યો જ નથી?

**જાહેરમાં યુવતીઓ અને યુવકને લાકડાથી ફટકાર્યા : ટપોરિઓ લાંબા સમયથી રોમિયોગીરી કરતાં હોવાની ફરિયાદ છતાં પોલીસ જાગતી નથી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ તાલુકાના મૂળીગામના જાહેર રોડ પર ગઈકાલે સાંજે યુવતીઓ અને એક યુવકને લાકડાના ફટકા વડે માર મારતા હોવાનો વિડિયો વાયરલ થતા વલસાડ રૂરલ પોલીસે તપાસ હાથ ધરી છે.

વલસાડ તાલુકાના મુળીગામે બાજુમાં આવેલ રહેણાંક વિસ્તારમાં રહેતી યુવતીઓને આજુબાજુના કેટલાક યુવાનો લાંબા સમયથી હેરાન પરેશાન કરતા હતા.

આ રોમિયોગીરી અને હેરાનગતિથી કંટાળીને યુવતીઓએ અગાઉ વલસાડ રૂરલ પોલીસ મથકે લેખિતમાં અરજી પણ કરી હતી. પોલીસમાં અરજી કરવામાં આવી હોવા છતાં પણ આવારા તત્વો દ્વારા યુવતીઓને હેરાન કરવાનું ચાલુ જ રાખવામાં આવ્યું હતું. ગત રોજ આ મામલે પરિસ્થિતિ વધુ ઉગ્ર બની હતી અને ઉશ્કેરાયેલા શખ્સોએ યુવતીઓ તથા તેમની સાથે રહેલા એક યુવક પર લાકડાના ફટકા વડે ઘાતકી હુમલો કરવાની ઘટનાનો વિડીયો વાયરલ થયો હતો આ હિંસક ઘટના બાદ સમગ્ર મામલો વલસાડ રૂરલ પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે ભોગ બનનાર પક્ષની ફરિયાદના આધારે પોલીસે આગળની તપાસ ચલાવી રહી છે.



**રાજ્યપાલ અને મુખ્યમંત્રી નવસારી જિલ્લાના બે દિવસીય પ્રવાસે**

નવસારી જિલ્લાની તા.૧૮-૧૯ જૂનમાં રોજ બે દિવસીય મુલાકાતના ભાગરૂપે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી નવસારી સુધીની સફર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના C12 કોચમાં એક સામાન્ય નાગરિકની જેમ સાદગીપૂર્વક કરી હતી. નવસારી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર ટ્રેન આવી પહોંચી, વીઆઈપી સુવિધાઓ કે લિફ્ટનો ઉપયોગ કરવાના બદલે પ્લેટફોર્મ પર અડધો કિલોમીટર જેટલું અંતર પગપાળા કાપી સ્ટેશનની બહાર નિકળ્યા હતાં. તેમણે નવસારી રેલવે સ્ટેશન પર રેન્જ આઈજી પ્રેમવીર સિંહ, કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિ. પોલીસવડા રાહુલ પટેલ અને અન્ય અધિકારીઓએ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. નવસારીના દુધિયા તળાવ અને છાપરા રોડ પરથી પસાર થતી વખતે મુખ્યમંત્રી અને રાજ્યપાલે ઉત્સાહિત નાગરિકો અને મુસાફરોનું અભિવાદન ઝીલ્યું હતું.

## વાપીની મામલતદાર કચેરીમાંથી દાખલા મેળવવામાં હાલાકી અંગે ખુદ વકીલોની રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી મામલતદાર કચેરીમાં છેલ્લા આઠ મહિનાથી જન્મ અને મરણના દાખલા અંગેની અરજી પેન્ડિંગ હોય તેને ધ્યાને લઈ વાપી બાર એસોસિએશન દ્વારા મામલતદારને લેખિતમાં આવેદનપત્ર આપી તાત્કાલિક ધોરણે હાથ ઉપર લઈ નિકાલ કરવા અંગેની રજૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી મામલતદાર કચેરીમાં છેલ્લા ઘણા સમયથી એટલે કે લગભગ ૮ થી ૯ માસથી જન્મ તેમજ મરણના દાખલા અંગેની અરજીઓ હાથ ઉપર નહીં લેતા અરજદારો તેમજ પક્ષકારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગેની રજૂઆત વાપી મામલતદાર કચેરીમાં કરવામાં આવે તો ત્યારે માત્ર એક જ જવાબ મળે છે કે સ્ટાફ ઓછો છે અને સાહેબ કામમાં છે માટે આ અંગેની રજૂઆત તારીખ ૧-૬-૨૦૨૬ ના રોજ વાપી બાર એસોસિએશનના પ્રમુખ અને તેમની ટીમ દ્વારા મામલતદારને રૂબરૂમાં મળી આવેદનપત્ર આપી જન્મ મરણના દાખલા અંગેની અરજીનો તાત્કાલિક નિકાલ કરવાની રજૂઆત કરવામાં આવી છે અને તેમાં તેઓએ જણાવ્યું છે કે કેટલાક લોકોને આ મરણના દાખલા તેમની મિલકત તેમજ જમીન વારસાઈ માટે જરૂરી હોય તેમજ જન્મના દાખલા કેટલાક લોકોને સ્કૂલ કોલેજમાં પ્રવેશ તેમજ પાસપોર્ટ જેવી અત્યંત જરૂરી હોય તે માટે તાત્કાલિક ધોરણે આ રજૂઆતને ધ્યાને લઈ જન્મ-મરણના દાખલા માટે આવેલી અરજીઓનો નિકાલ તાત્કાલિક કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## પાનસમાં BSNL ટાવરની રૂા. ૬.૪૪ લાખની ૭ બેટરી તસ્કરો તાર કાપી ચોરી ગયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૧૮ :** નાનાપોઢા તાલુકાના પાનસ ઉપલા ફળીયા ખાતે આવેલા બીએસએનએલ કંપનીના મોબાઈલ ટાવરને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી રૂા. ૬.૪૪ લાખની કિંમતની સાત બેટરીઓની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. તસ્કરોએ ટાવર કમ્પાઉન્ડની તારની જાળી કાપી તેમજ બેટરી રાખેલા લોખંડી કબાટનું તાળું તોડી ચોરીને અંજામ આપ્યો હતો. બીએસએનએલ કંપનીમાં છેલ્લા દસ મહિનાથી ટેકનિશિયન તરીકે ફરજ બજાવતા હાર્દિકભાઈ સીતારામભાઈ બાત્રીને ગત ૧૩ જૂન, ૨૦૨૬ના રોજ સવારે આશરે નવ વાગ્યે ટાવરના વોચમેન સંદીપભાઈ નાનુભાઈ બિરારીનો ફોન આવ્યો હતો, જેમાં ટાવર ખાતે ચોરી થઈ હોવાની જાણ કરવામાં આવી હતી. જાણ થતાં હાર્દિકભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.તપાસ દરમિયાન ટાવરની આસપાસની તારની જાળી કાપેલી હાલતમાં જોવા મળી હતી. ઉપરાંત બેટરીના લોખંડી કબાટનું તાળું તૂટેલી હાલતમાં જમીન પર પડેલું મળી આવ્યું હતું. કબાટની તપાસ કરતાં બીએસએનએલ ટાવરમાં રહેલી કુલ આઠ બેટરી પૈકી સાત બેટરીઓના વાયર કાપી તેમની ચોરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. ચોરાયેલી બેટરીઓની કુલ કિંમત અંદાજે રૂ. ૬,૪૪,૦૦૦ હોવાનું જણાવાયું છે. ઘટનાની જાણ કંપનીના વાપી સ્થિત એન્જિનિયર શૈલેન્દ્ર યાદવ તથા ગાંધીનગર સ્થિત હેડ ઓફિસના અધિકારીઓને કરવામાં આવી હતી. જરૂરી મંજૂરી અને દસ્તાવેજો મળ્યા બાદ નાનાપોઢા પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. નાનાપોઢા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વિસ્તારમાં સતત વધી રહેલી ચોરીની ઘટનાઓને પગલે સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે.

## પારડીમાં જુગાર રમતાં ૩ ઝડપાયા : ૩ ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૮ :** પારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળેલી ખાનગી બાતમીના આધારે ભેસલાપાડા વિસ્તારમાં મધરાતે ધમધમતા જુગારધામ પર દરોડો પાડવામાં આવ્યો હતો. બિપીન મદારભાઈના ઘરના ખુલ્લા ઓટલા પર લાઈટના અજવાળામાં ગંજીપાના વડે હાર-જીતનો જુગાર રમતા ત્રણ ઈસમોને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા, જ્યારે અન્ય ત્રણ શખ્સો પોલીસને જોઈને અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી પકડાયેલા આરોપીઓ નિકુલકુમાર ધનસુખભાઈ રાણા, હેમલ નરેશભાઈ કોળી પટેલ અને સલમાન હૈદર શેખની અંગઝડતી તેમજ દાવ પરથી કુલ રૂા. ૫૯,૭૩૦ની રોકડ રકમ જપ્ત કરી હતી. આ ઉપરાંત, રૂા. ૧૫,૦૦૦ની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન અને રૂા.



૮૦,૦૦૦ની કિંમતના બે મોપેડ વાહનો (બર્ગમેન અને અન્ય સુઝુકી મોપેડ) મળી કુલ રૂા. ૧,૫૪,૭૩૦નો મુદ્દામાલ 'ઈ-સાક્ષ્ય' એપ્લિકેશન દ્વારા વીડિયોગ્રાફી-ફોટોગ્રાફી કરીને કબ્જે કર્યો છે. નાસી છૂટેલા આરોપીઓ લતેશ, બિપીન ઉર્ફે કાળીયો અને નિમેષ પટેલને વોન્ટેડ જાહેર કરી પોલીસે તમામ છ શખ્સો વિરૂદ્ધ જુગારધારી કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તલાવચોરાનો તલાટી રૂા. ૪૦ હજારની લાંચ લેતા ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ચીખલીના તલાવચોરા ગામ પંચાયતના તલાટી કમ મંત્રી અને પ્રજાજન રૂા. ૪૦ હજારની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા. પ્રાપ્ત વિગત મુજબ ચીખલી તાલુકાના તલાવચોરા ગામ પંચાયતના તલાટી કમ મંત્રી કમલેશ ધરમશી દેસાઈ ઉંમર વર્ષ ૪૧ નાની પાસે તલાવચોરા ગામમાં જમીન ધરાવતા એક જાગૃત નાગરિકને પોતાની જમીનમાંથી માટી કઢાવવી અન્ય જગ્યાએ લઈ જવી તે માટે એનઓસી પેઢીનામું નકશા તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો માટે ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી સામે અરજી કરવામાં આવી હતી. જે અંગે તલાટી કમ મંત્રીએ તેની પાસે આ કામના રૂા. ૪૦ હજાર રૂપિયાની માંગણી કરી હતી. જેને લઈ જાગૃત નાગરિક લાંચની રકમ આપવા માંગતો ન હોય જેને લઈ તેમણે આ અંગેની જાણ વલસાડ ડાંગ એસીબીના અધિકારી જે.આર. ગામીતને કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ તેઓએ આજે તલાટી કમ મંત્રી કમલેશ દેસાઈને ઝડપી પાડવા માટે છટકું ગોઠવવામાં આવ્યું હતું. જે દરમિયાન લાચની રકમ લેવા માટે પ્રજાજન ગોકુળભાઈ બુધાભાઈ પટેલ ચીખલી ગ્રામ પંચાયતની શોપિંગ સેન્ટરમાં આવેલ દુકાન નંબર ૧૨ શિવ કોવરી વર્કશ એન્ડ અનિરુદ્ધ કન્સ્ટ્રક્શનની ઓફિસમાં લાંચની રકમ લેવા માટે ગયો હતો. ત્યાં ટ્રેપીંગ અધિકારી વલસાડ ડાંગના એસીબી વિભાગના પીઆઈ જે.આર. ગામીત અને સુપરવિઝન અધિકારી આર આર ચૌધરી સુરત નાની ઉપસ્થિતિમાં પ્રજાજન ગોકુળભાઈ બુધાભાઈ પટેલ તલાટી કમ મંત્રી કમલેશ દેસાઈ વતી રૂા. ૪૦,૦૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં તેઓએ તલાવચોરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કમલેશ ધરમશી દેસાઈ અને પ્રજાજન ગોકુલભાઈ બુધાભાઈ પટેલને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરાઈ છે

## વલસાડમાં યુવક પર જીવલેણ હુમલો : માથામાં ૨૮ ટાંકા આવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડના પાલણ તળાવમાં માછલી પકડવા ગયેલા ગોરવાડાના યુવકને વિસ્તારના યુવકે લાકડાના ફટકા અને ધાતુથી જીવલેણ હુમલો કરતા માથામાં ગંભીર ઈજા થતાં સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

વલસાડ તાલુકાના ગોરવાડા ગામે રહેતો રાહુલ નામનો યુવક વલસાડના પાલણ તળાવ પર માછલા પકડવા માટે ગયો હતો. તે દરમિયાન વિસ્તારમાં રહેતો ક્રિશ રાઠોડ અને વિશાલ તેને માછલી માછલી પકડવાનીના પાડ્યા બાદ બંને વચ્ચે બોલાચન થઈ હતી. જેથી ઉશ્કેરાયેલા ક્રિશ રાઠોડે તેને માથામાં જોરદાર ફટકો મારી દીધો હતો ત્યારે બીજો વિશાલે તેને હાથમાં પહેરેલ ધાતુના કળા વડે રાહુલના માથામાં મારતા માથું ફાડી નાખ્યું હતું.

મારામારી થવાની ઘટના થયા બાદ ભારે હોબાળો થતા આજુબાજુના લોકો દોડી જતા રાહુલ ક્રિશ રાઠોડ અને વિશાલ ત્યાંથી ભાગી છુટ્યા હતા. જ્યારે રાહુલને માથામાં ગંભીરતા થતાં ઘટના સ્થળે પહોંચેલા ભાવેશ નામના યુવકે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા રાહુલને વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને માથામાં ૨૮ ટાકા આવ્યા હતાં. જોકે હોસ્પિટલમાં ન્યુરોસર્જન ન હોવાથી તેને સુરત હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનામાં ભોગ બનાર રાહુલભાઈના પિતા રાજુ સોલંકી રાધે ગોરવાડાએ આરોપી ક્રિશ રાજુ રાઠોડ (રહે.પાલણ કેવાડા ફળિયું) અને વિશાલ વિરુદ્ધ વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## તીથલના સરપંચ સામે ગેરરીતીના ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડના તિથલ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા સ્થળ પર કામ શૂન્ય, પણ ખોટા વર્ક કમ્પ્લીશન સર્ટિફિકેટ બનાવી ભ્રષ્ટાચાર આચરનાર સરપંચ અને તલાટી-કમ-મંત્રી સામે ગામના એક જાગૃત નાગરિકે આરટીઆઈમાં વિગત મેળવ્યા બાદ ભ્રષ્ટાચાર અંગે કલેક્ટર, ACB અને મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચી લેખિત પુરાવા સાથે ફરિયાદ કરી તપાસની માંગ કરતા ગ્રામ પંચાયતના વહીવટ કર્તાઓમાં ફેલાઈ ગયો છે.

આ ફરિયાદ માં આક્ષેપ કરવામાં આવ્યો કે વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૬ દરમિયાન તીથલ ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી-કમ-મંત્રીના મેળાપીપણામાં મિલીભગતથી પંચાયતના નિયમોને નેવે મૂકીને સરકારી ગ્રાન્ટનો ભારે દુરુપયોગ કરવામાં આવ્યો છે. સ્થળ પર કોઈપણ -કારનું ભૌતિક કામ કર્યા વિના, માત્ર કાગળ પર જ ખોટા અને બનાવટી વર્ક કમ્પ્લીશન સર્ટિફિકેટ ઊભા કરી સરકારી નાણાં અંગત હિતમાં વાપરી નાખ્યા હોવાના ચોંકાવનારા પુરાવા રજૂ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. જેમાં તીથલ પટેલ ફળિયામાં નાળા ગટર બનાવવાનું કામ, કલ્યાણ ફાર્મ વિસ્તારમાં પાણીની પાઈપલાઈન બ્લોક બેસાડવાનું કામ, ગામના મુખ્ય રસ્તા પર નાળા ગટરના કામ, સરકારી ગ્રાન્ટમાંથી ગામમાં બોરવેલ બનાવવાનાં મોટા કૌભાંડની વિગતો જેવી બાબતોનો સમાવેશ કરાયો છે.

ફરિયાદી જાગૃત નાગરિક કિરીટ પટેલે જણાવ્યું હતું કે, આ અગાઉ સ્થાનિક કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારી ને પણ રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કોઈ નક્કર પરિણામ ન આવતા આખરે તમામ પુરાવા અને ગ્રામજનોના સોગંદનામા સાથે વિગતવાર ફરિયાદ સીધી મુખ્યમંત્રી કાર્યાલય, વિજિલન્સ કમિશનર અને એન્ટી કરપ્શન બ્યુરો ને કરવામાં આવી છે. અને સરપંચ અને તલાટી સામે ફોજદારી ગુનો દાખલ કરીને કડક કાયદાકીય તપાસ શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ભીલાડની કિશોરીનું અપહરણ અને દુષ્કર્મ કરનારા આરોપીના જામીન નામંજુર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ભીલાડ પંથકમાંથી ૧૬ વર્ષીય કિશોરીનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કરાયો છે

પ્રાપ્ત વિગત મુજબ ગત તારીખ ૧ ૫ ૨૦૨૬ ના રોજ ભીલાડ વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા એક પરિવારની ૧૬ વર્ષની કિશોરીનું અપહરણ કરી લઈ જઈ દુષ્કર્મ ગુજારનાર આરોપી પુષ્પરાજ છોટેલાલ સિંગની ભીલાડ પોલીસે અટકાયત કરી તેની સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ હતી. જે અંતર્ગત આજે આરોપી દ્વારા વાપીના પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડૉ. એચ. એન. વકીલની કોર્ટમાં આરોપી પુષ્પરાજ છોટેલાલ સિંગ દ્વારા રેગ્યુલર જામીન મુક્ત થવા માટે કરવામાં આવેલી અરજી સામે સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની ધારદાર રજૂઆત અને પુરાવાઓને આધારે નામદાર કોર્ટના જજ ડો. એચ. એન. વકીલ દ્વારા નામંજૂર કરવાનો હુકમ કરાયો છે.

## ડાંગનું નવું આકર્ષણ : લુપ્ત થતા આગિયાને નિહાળવા પ્રકૃતિપ્રેમીઓ ઉમટ્યા

**ડાંગના જંગલોમાં આજે પણ જીવંત છે આગિયા (ફાયરફલાઈઝ)નું અદભુત સામ્રાજ્ય**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૮ :** આધુનિકતાની આંધળી દોટ અને સતત વધતા જતા પ્રદૂષણને કારણે કુદરતે સર્જેલી અણમોલ જીવસૃષ્ટિ આજે જોખમમાં મુકાઈ ગઈ છે. રાત્રિના અંધકારમાં પોતાની પાંખો પાછળથી કુદરતી પ્રકાશ રેલાવતો અદભુત જીવ 'આગિયા', જેને અંગ્રેજીમાં 'Fireflies' તરીકે ઓળખવામાં આવે છે, તે આજે દેશ-દુનિયાના મોટાભાગના વિસ્તારોમાંથી લુપ્ત થવાના આરે પહોંચી ગયો છે. શહેરી વિસ્તારોમાં જ્યાં સિમેન્ટ-કોંક્રિટના જંગલો અને રાસાયણિક પ્રદૂષણને લીધે આ જીવ નામશેષ થઈ ગયો છે, ત્યાં ગુજરાતનો પ્રકૃતિથી ભરપૂર એવો ડાંગ જિલ્લો આજે પણ આ નાનકડા જીવ માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. ચોમાસાની શરૂઆત પહેલા, ખાસ કરીને જૂન અને જુલાઈ મહિના દરમિયાન ડાંગના ગાઢ જંગલોમાં રાત્રિના સમયે લાખો આગિયાઓથી રેલાતો કુદરતી પ્રકાશ એક કાલ્પનિક દુનિયા જેવો અદભુત નજારો સર્જે છે. આ અલૌકિક દ્રશ્યને પોતાની આંખોમાં કેદ કરવા અને તેના



પર ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે દેશભરમાંથી પ્રકૃતિપ્રેમીઓ, સંશોધકો અને વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર્સ મોટી સંખ્યામાં ડાંગના જંગલો ભણી દોડી આવે છે. સામાન્ય રીતે પ્રવાસીઓ ડાંગની હરિયાળી અને ધોધને માણવા ચોમાસાની આતુરતાથી રાહ જોતા હોય છે, પરંતુ અહીંના સ્થાનિક આદિવાસીઓ દ્વારા પરંપરાગત રીતે સાચવવામાં આવેલા જંગલો વિવિધ દુલર્ભ ઔષધિઓ અને અનોખી જીવસૃષ્ટિનો અમૂલ્ય ખજાનો છે. ડાંગના કેટલાક ચોક્કસ વિસ્તારો તો જાણે 'આગિયાના જંગલ' તરીકે જ ઓળખાય છે, જે કુદરતની અણમોલ ભેટ સમાન છે. આ વિસ્તારોમાં ખાસ કરીને સાદડ અને અર્જુન (સાદડો)ના વૃક્ષો વિપુલ પ્રમાણમાં જોવા મળે છે, જે આગિયાઓના વસવાટ અને પ્રજનન માટે સૌથી અનુકૂળ માનવામાં આવે છે. આ વૃક્ષોની વનસ્પતિજન્ય વિશેષતા અને ડાંગના પ્રદૂષણમુક્ત શુદ્ધ વાતાવરણને કારણે જ આ નાજુક જીવ અહીં હજુ સુધી સુરક્ષિત અને જીવંત રહી શક્યો છે. સ્થાનિક સ્તરે પર્યાવરણના જતન અને પ્રવાસનને વેગ આપવા માટે પણ સરાહનીય પ્રયાસો થઈ રહ્યા છે. ડાંગના સ્થાનિક પ્રકૃતિપ્રેમી આદિવાસી યુવાન તુષાર કામડી દર વર્ષે ચોમાસા પહેલા આગિયાના પ્રદર્શન અને તેના પર સંશોધન કરવા આવતા પ્રવાસીઓ તેમજ વૈજ્ઞાનિકો માટે ખાસ રહેવા-જમવાની અને માર્ગદર્શનની સુવિધાઓ ઊભી કરે છે. તુષાર કામડીના જણાવ્યા અનુસાર, ડાંગની ભૂમિ પર કુદરત હંમેશા મહેરબાન રહી છે.

લોકો માને છે કે ડાંગ માત્ર ચોમાસામાં જ સુંદર લાગે છે, પરંતુ વાસ્તવમાં અહીં પાનખર ઋતુ અને ત્યારપછીનો પ્રિ-મોન્સૂન (ચોમાસા પહેલાનો) સમયગાળો પણ કુદરતી સૌંદર્ય અને રહસ્યોથી એટલો જ ભરપૂર હોય છે. રાત્રિના ઘનઘોર અંધારામાં હજારો વૃક્ષો પર ટમટમતા આગિયાઓનો આ નજારો એ વાતની સાબિતી છે કે જો પર્યાવરણને પ્રદૂષણમુક્ત રાખવામાં આવે, તો કુદરત પોતાની સુંદરતા હંમેશા અકબંધ રાખે છે.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**